# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.13 - Issue 1
January 2020
Price 12/-




નિરાકાર પરમપિતા શિવ પરમાત્માના સાકાર માધ્યમ

**પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્મા**




નવસારીમાં 'વર્લ્ડ ડાયાબીટીસ ડે' નિમિત્તે ડાયાબીટીસ રોગની માહિતી આપતાં ડૉ. કેયુરભાઈ, ડૉ. વિક્રમભાઈ, બ્ર.કુ. ગીતાબેન.




કચ્છ–મુદ્રામાં 'વર્લ્ડ ડાયાબીટીસ ડે' નિમિત્તે વડીલ વંદના વૃધ્ધાશ્રમના ટ્રસ્ટી ભ્રાતા ચીમનભાઈને સૌગાત આપતાં બ્ર.કુ. સુશીલાબેન.



અમદાવાદ નારણપુરા સેવાકેન્દ્રની 'સુવર્ણ જયંતી'ની આયોજન સમિતિ સાથે સમૂહચિત્રમાં બ્ર.કુ. રંજનબેન, જ્ઞાનામૃતના તંત્રી બ્ર.કુ. ડૉ. કાલિદાસભાઈ, બ્ર.કુ. ડાહ્યાભાઈ, બ્ર.કુ. જાગૃતિબેન.



ચીલોડામાં 'સ્વાસ્થ્ય શિબિર'માં બ્ર.કુ. શારદાબેન, CRPFના કમાન્ડન્ટ ભગિની ઈન્દ્રાણીબેન, BSFના કમાન્ડન્ટ ભ્રાતા હરજીતસિંહ, બ્ર.કુ. ઈ.વી. ગિરીશભાઈ, બ્ર.કુ. તારાબેન.




ભંડુરીમાં આયોજીત કાર્યક્રમમાં આચાર્ય ભ્રાતા ભગવાનભાઈ હિંગરાજીયા, વ્યાપારી ભ્રાતા ગિરધરભાઈ, ભગિની મીનાક્ષીબેન તથા બ્ર.કુ. રુપાબેન, બ્ર.કુ. મીતાબેન તથા બ્ર.કુ. ગીતાબેન.



રાજકોટ રવિરત્ન સેવાકેન્દ્ર દ્વારા ઈન્ડીયન ઑઈલ કંપનીમાં 'તનાવ અને લાઈફ સ્ટાઈલ મેનેજમેન્ટ' કાર્યક્રમ બાદ અધિકારીઓ અને સ્ટાફ સાથે સમૂહચિત્રમાં બ્ર.કુ. આરતીબેન તથા બ્ર.કુ. વિધિબેન.



વડનગર સેવાકેન્દ્ર ઉપર પધારેલ 'અમેરિકા ઈન્ટરનેશનલ એજ્યુકેશન યુનિવર્સિટી'ના ડાયરેક્ટર ભગિની પામેલા સ્થાનસને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. ચંદ્રિકાબેન.



વિરમગામ સેવાકેન્દ્રના સંચાલિકા બ્ર.કુ. રમાબેનની પ્રાર્થનાસભામાં સંદેશ આપતાં બ્ર.કુ. નેહાબેન સાથે બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ. ધર્મિષ્ટાબેન, બ્ર.કુ. જયશ્રીબેન, બ્ર.કુ. નંદિનીબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૩ જાન્યુઆરી-૨૦૨૦ અંક : ૦૧

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- નૂતન વર્ષે ....................................તંત્રી સ્થાનેથી ..04
- અમૃતધારા ....................................દાદી જાનકીજી ..06
- આધ્યાત્મિક શિક્ષણ અને પાલના ..દાદી રતનમોહિનીજી ..07
- જજ સાહેબના પ્રશ્નો મમ્માના ઉત્તરો ........................08
- પ્રસન્નતાના પથ પર ....................બ્ર.કુ. શિવાનીબેન ..11
- આવી રીતે મળ્યું મને સાહિત્ય .........બ્ર.કુ. જગદીશચંદ્ર ..12
- મોહન કદી કોઈની નિંદા કરશે નહીં...બ્ર.કુ. મોહનભાઈ ..15
- આ રીતે શરૂ થયો અવ્યક્ત ..............બ્ર.કુ. રમેશભાઈ ..18
- વ્યક્તિત્વ દિવ્ય, ભવ્ય અને ..........બ્ર.કુ. મોહિનીબેન ..20
- પૂર્વજન્મના સંચિત કર્મોએ ફરિશ્તા .....બ્ર.કુ. જયંતીબેન ..24
- બાબાએ કહ્યું, બેટી પોતાનો નિર્ણય .....બ્ર.કુ. રાજબેન ..26
- કેડ પ્રોગ્રામથી હૃદયરોગીઓને ...બ્ર.કુ. ડો. સતીશકુમાર ..28
- વાહ રે બાબા વાહ ! .....................બ્ર.કુ. વસંતભાઈ ..29
- એકાગ્રતાની શક્તિથી જેવા ઈચ્છો છો..ડો. બ્ર.કુ. સચિન ..30
- દિવ્યદર્શન ................................બ્ર.કુ. નંદિનીબેન ..32



**લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 079 - 2762 0866**



**મુદ્રક અને પ્રકાશક**
**રાજયોગિની ભારતીદીદી**


**સ્થાનિક સેવાકેન્દ્ર**


**આવશ્યક નોંધ**

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)**

Account No. : **032910001801**

Bank Name : **Dena Bank, Pushpkunj Branch** IFSC Code : **BKDN0110329**

**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**

**Phone: 079 - 2532 4460, 2532 4660**

**Email :** gyanamrit.guj@gmail.com

# તંત્રી સ્થાનેથી

# નૂતન વર્ષે

કાળનું ચક્ર નિરંતર ચાલ્યા જ કરે છે. જોત જોતામાં વર્ષ પૂરું થઈ જાય છે. નવું વર્ષ શરૂ થઈ જાય છે. **સમય આપણને સતત ગતિ, પ્રગતિનો સંદેશ આપે છે.** જેઓ સમયને ઓળખે છે, તેનો સદુપયોગ કરે છે તેઓ આગળ વધે છે. સમયનું મૂલ્ય ન સમજનાર આળસ, અલબેલાપણામાં વ્યર્થતામાં વ્યસ્ત રહી ઊતરતી સ્થિતિને પામે છે, પશ્ચાતાપને પામે છે.

**બ્રહ્માવત્સ (ઈશ્વરીય સંતાન) બનવાનું જીવન એ પરમપિતા પરમાત્મા દ્વારા આપણને મળેલી અમૂલ્ય ભેટ છે.** આ ભેટનું જેટલું જતન, મૂલ્યાંકન કરીશું તેટલી પ્રાપ્તિ છે. અનેક વર્ષોના રાજયોગી જીવનના અનુભવો એ આપણી અમૂલ્ય મૂડી છે. જેનો સદુપયોગ અનેક આત્માઓના કલ્યાણ માટે થઈ શકે છે.

**નૂતનવર્ષ નવચેતનાનો સંચાર કરે છે. મનમાં કંઈક નવું કરવાની, શુભ સંકલ્પો કરવાની પ્રેરણા આપે છે.** રાજયોગી જીવન સાતત્યપૂર્ણ દિવ્ય જીવન હોવાથી પ્રેરણાઓને સાકાર કરવાનું બળ મળે છે. તો પુરુષાર્થને પ્રેરક એવા પંચશીલ પાંચ મુદ્દાઓને અહીં અભિવ્યક્ત કર્યા છે.

### પરિવર્તન

પરિવર્તન એ સંસારનો નિયમ છે. અહીં **પરિવર્તનનો અર્થ છે સ્વયંને બદલવાની, સુધારવાની, ભૂલોનો સ્વીકાર કરી આગળ વધવાની પ્રક્રિયા, પ્રમાદ કે અસાવધાની, ઈશ્વરીય મર્યાદાઓનું ઉલ્લંઘન કરાવે છે.** ઈશ્વરીય યાદની યાત્રાનો તાર તૂટી જાય છે. તેનો લાભ લઈ માયા મનના તાર સાથે જોડાઈ જાય છે. **બ્રહ્માવત્સ બનવું એટલે નિરંતર ઈશ્વરીય નિયમો, મર્યાદાઓમાં જોડાયેલા રહેવું. કોઈ જુએ કે ના જુએ, કોઈપણ સ્થળે, એકાંતમાં હોઈએ તો પણ પરમાત્મા સાથે કરેલી પવિત્રતાની અને અન્ય દિવ્યગુણોની ધારણાઓની પ્રતિજ્ઞાની કદી વિસ્મૃતિ ન થાય તેવી જાગતી જ્યોતિ બનીને જીવવાનું છે.** સંગના પ્રભાવમાં આવીને પ્રમાદમાં આવીને કરેલી ભૂલો પ્રારંભમાં દોરા જેવી લાગે છે પણ જ્યારે તે દોરડું બની જાય છે ત્યારે તેને તોડવી અઘરી લાગે છે. તેથી નવું વર્ષ સ્વયંમાં પરિવર્તન લાવવાની પ્રેરણા આપે છે. આપણે શાંતચિત્તે, એકાગ્ર, યોગયુક્ત સ્થિતિમાં સાક્ષીભાવે પોતાનું મૂલ્યાંકન કરીએ. સ્વયંની ત્રુટિઓને વીણી વીણીને, તેનો એકરાર કરીને જો પરિવર્તનનો દૃઢ સંકલ્પ કરીએ તો દૃઢ મનોબળ દ્વારા જીવન પરિવર્તન થતાં ઉદાસીનતા, થાક, કંટાળો, બેચેની, અપ્રસન્નતા આપોઆપ દૂર થઈ જશે. આપણે પ્રસન્નતાની હળવાશની, પ્રાપ્તિની અનુભૂતિ કરી શકીશું.

### પવિત્રતાની પરાકાષ્ઠા

આપણું પરિવર્તન પવિત્રતાની પરાકાષ્ઠાએ લઈ જનારું હોવું જોઈએ. **મન, વાણી, કર્મમાં નિરંતર પવિત્રતાની અનુભૂતિ થાય. સ્વપ્નમાં પણ તે ખંડિત ના થાય તેવી યોગાગ્નિ સતત પ્રજ્વલિત રહેવી જોઈએ.** સાકાર અને અવ્યક્ત વાણીઓમાં પવિત્રતાની સૂક્ષ્મ પરિભાષા આપેલી છે. દરેક બ્રહ્માવત્સ તે જાણે છે. આપણે આપણાં મહાન દાદીઓનાં, વરિષ્ઠ ભ્રાતાઓનાં,

દીદીઓનાં પ્રવચનો સાંભળેલાં છે. અન્ય લોકો પ્રવચનો સાંભળીને પ્રસન્ન થાય છે. આપણે પ્રવચનો સાંભળીને તેને ધારણ કરવાનાં છે. પવિત્રતાની ધારણાની ઓળખ આપનાર આપણી કર્મેન્દ્રિયો છે. જો આપણી સર્વ કર્મેન્દ્રિયો શીતળ બને તો પવિત્રતાની ધારણા વાસ્તવિક છે. જે પવિત્રતાની ગુહ્ય પરિભાષા પ્રમાણે જીવન જીવતાં હશે તેઓ સ્વયં આત્માઓ પણ તેમના જીવનમાંથી પ્રાપ્તિની અનુભૂતિ કરે છે. આવા યોગીઓનો પ્રભાવ ગુપ્ત રહી શકતો નથી. તેનાં તેજ કિરણો અનેક આત્માઓની જ્યોતિ જગાવે છે.

### સમર્પણભાવ

જેનું જીવન પવિત્રતાની સૂક્ષ્મ ધારણાની પરાકાષ્ઠાએ પહોંચેલું હોય છે તેના ઉરમાં સમર્પણભાવ પ્રગટે છે. સ્વયંના જીવનને, સર્વ વિશેષતાઓને, યોગ્યતાઓને અર્થાત તન, મન, ધન, સર્વસ્વને પ્રભુપિતાને અર્પણ કરવાના ભાવની ભરતી ઉમટે છે. જેનામાં આવી ભરતી ઉમટે છે તેને કોઈ લૌકિક સંબંધીઓ પણ રોકી શકતા નથી. તેઓના અવરોધો અલ્પજીવી બને છે. સમર્પણનો સિંધુ ઘૂઘવાટ કરતો સ્નેહસાગર શિવબાબામાં સમાઈ જાય છે. **સૃષ્ટિ નાટક જ્યારે અંતિમચરણમાં જઈ રહ્યું છે. વિશ્વ આખું અનેક સમસ્યાઓના ભરડામાં ભીંસાઈ રહ્યું છે. વિશ્વ સત્તા અમેરિકા પણ તેનાથી બાકાત નથી. પ્રકૃતિનાં રુદ્ર સ્વરૂપો તેનું સાતત્ય જાળવી રહ્યાં છે ત્યારે સમર્પણની સરવાણી એ આજની માંગ છે. આજે નહીં તો ક્યારેય નહીં.**

### મનસાસેવા

સમર્પણ ભાવ પ્રગટે, તો સૌનું કલ્યાણ કરવાની કામના પ્રગટે. પરમાત્માએ તો અવ્યક્તવાણીઓ દ્વારા સર્વના કલ્યાણ માટેની શ્રેષ્ઠ સેવા મનસાસેવાની પ્રેરણા આપી છે. તે માટે સતત જાગૃત કર્યા છે. વાણી દ્વારા સેવા કરવાનો સમય હવે કેટલો છે તેનો અણસાર મળી રહ્યો છે. અશાંતિ, અરાજકતા, અસલામતી અને પ્રાકૃતિક આપદાઓ સેવા કેન્દ્રો ઉપર નિયમિત જ્ઞાન શ્રવણ, યોગાભ્યાસ માટે જતા બ્રહ્માવત્સોને અવરોધે ત્યારે કમાન્ડોની જેમ જેણે મનસા સેવાનો સઘન અભ્યાસ કર્યો હશે તેઓ સ્વ સેવા અને વિશ્વ સેવા માટે નિમિત્ત બનશે. આ સેવા કોઈપણ બંધનો, ભેદભાવ વિના સૌના માટે સહજ છે. વળી **આજે વિશ્વમાં દુઃખ, અશાંતિ, વેદનાઓ, સમસ્યાઓની વણઝાર છે. ક્યાંયે શાંતિ કે વાસ્તવિક સુખ નથી ત્યારે મનસા સેવા દુઃખી, અશાંત, પીડિત આત્માઓને શીતળતા આપી શકશે.**

### પરિપૂર્ણતા

મનસા સેવા કર્યા પછીનું આપણું અંતિમ લક્ષ છે સંપૂર્ણ કર્માતીત બનવાનું. **પાંચ સ્વરૂપોના અભ્યાસમાં છેલ્લે ફરિસ્તાપણાની સતત અનુભૂતિ કરવી અને અન્યને કરાવવી તે આજના સમયનો યુગધર્મ છે.** એડવાન્સ પાર્ટીમાં ગયેલા આત્માઓ પણ આપણી પરિપૂર્ણતા, સંપૂર્ણતા, કર્માતીત સ્થિતિનું આવાહ્ન કરી રહ્યાં છે. આ સ્થિતિએ પહોંચેલા મહાન આત્માઓ અને તેમણે કરેલો પુરુષાર્થ આપણી સમક્ષ છે. તો **નૂતનવર્ષમાં આ પંચશીલને પૂર્ણ રૂપે અપનાવી જીવન ધન્ય બનાવીએ એવી શુભકામના સાથે નૂતન વર્ષાભિનંદન, નવયુગ મુબારકની શુભેચ્છાઓ** સાથે વિરમું છું.


॥ ઓમશાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

### અમૃતધારા

# કિનારો ના કરો, કિનારા કરશો તો કિનારે (દૂર) થઈ જશો.

રાજયોગિની દાદી જાનકીજી, મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



બાબાને યાદ શા માટે કરીએ છીએ ? કારણ કે લગન લાગી છે જલદી પાપોનો બોજો ઉતરી જાય અને ઘેર - પરમધામ જઈએ. મૂળવતન, સૂક્ષ્મવતનની યાદ આવે છે કારણકે સૂક્ષ્મવતનને પાર કરીને મૂળવતનમાં જવાનું છે. અહીંથી પાર સૂક્ષ્મવતનવાસી બનીને રહેવાનું છે. **ફરિશ્તાપણાની સ્થિતિમાં રહેવું, આ પણ બહુ ઘણી સુંદર સ્થિતિ છે.** તેનો માત્ર સંગમયુગમાં અનુભવ થઈ શકે છે. અહીં દેહસહિત દેહના જે સંબંધો છે તે સર્વ ખતમ થઈ જશે કારણ કે બાબા સાથે સર્વસંબંધો જોડાઈ ગયા. બાબાની આવી અવિનાશી સંપત્તિ મળી છે, અવિનાશી જ્ઞાનરત્ન, ઈશ્વરીય ગુણ અને સર્વ શક્તિઓ તે સર્વ સંપત્તિનો અધિકાર જે અત્યારે સંગમયુગ પર મળ્યો છે. આ બંનેનો પરસ્પર સંબંધ છે.

**બાબા દ્વારા મળનારી સર્વસંપત્તિઓ આપણને ફરિશ્તા બનાવે છે.** સંગમયુગ પર આ અધિકાર લઈ લઈએ તો સતયુગમાં ઉચ્ચપદ મળવાની ગેરંટી (ખાત્રી) છે. **ફરિશ્તાનું નામ લેવાથી નજર ઉપર ચાલી જાય છે.** તે કોનાં બાળકો છે. કોની રચના છે તે આપણે જાણીએ છીએ. બાબાએ પહેલાં પોતાનાં સંતાનો બનાવીને સ્વદર્શન ચક્રધારી બનાવ્યા, શ્રેષ્ઠ બ્રાહ્મણ બનાવ્યા. પોતાનો પ્રેમ આપીને માઈટ (શક્તિ) આપીને ધન્ય બનાવ્યા. હવે સંગમયુગ પર આવી સ્થિતિ બનાવીને બીજાઓને પણ બાપ (પરમાત્મા)ની સમીપ લાવો.

**બાબા સમાન બનવું એટલે બાબાની નજીક જવું.** આપણે પદ્માપદ્મ ભાગ્યશાળી છીએ કે આપણે બાબાની નજીક છીએ. શિવબાબાએ બ્રહ્માબાબાના તનમાં પ્રવેશ કરીને આપણને બ્રહ્મામુખ વંશાવળી બ્રાહ્મણ (બ્રહ્માવત્સ) બનાવ્યા. આપણને બાબાએ સતયુગનું જ્ઞાન આપ્યું છે. સતયુગમાં નિરોગી કાયા હશે. હીરા ઝવેરાતના મહેલો હશે જે અહીં નથી. સંગમયુગમાં બાબા સાથે સર્વ સંબંધોનું જે સુખ છે તે સતયુગમાં મળવાનું નથી ત્યાં તો દુનિયા જ સતયુગી છે. પ્રકૃતિ સતોપ્રધાન છે. **સંગમયુગના પુરુષાર્થના આધારે જ સતયુગમાં પ્રારબ્ધ મળશે.**

॥ ઓમશાંતિ ॥

## તંત્રીને પત્રો


'જ્ઞાનામૃત'નો અંક હાથમાં આવે કે તરત જ ચાલો, તંત્રીલેખ વાંચી લઈએ એવું થાય છે. જો કે અંકના બધા જ લેખો નવીનતમ જ્ઞાનથી ભરપૂર અને સકારાત્મક ઉર્જા આપનારા છે. શરૂઆતથી અંત સુધી વાચકની રસરુચિ સતત જળવાય રહે એવી તૈયારી સાથે અંક પ્રગટ થાય છે. એવું કહી શકાય કે વાંચનથી વિમુખ થતી પ્રજા વચ્ચે પણ અડીખમ રહીને જ્ઞાનરૂપી અમૃત પીરસવામાં સફળ રહ્યા છીએ. તંત્રી પરિવારને મારી શુભકામનાઓ પાઠવું છું.

બ્ર.કુ. બકાભાઈ પટેલ, કાલીપુરા

# આધ્યાત્મિક શિક્ષણ અને પાલના સાથે સાથે

રાજયોગિની દાદી રતનમોહિનીજી, સંયુક્ત મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ





પ્રાણ પ્યારા બાબાએ અમારું ઘણા સુખથી પાલનપોષણ કર્યું. બાબાની સાથે અમને ક્યારેય કોઈ ચીજનો અભાવ રહ્યો નહોતો. હું તો બાળપણથી જ બાબા-ની પાસે રમતી હતી. બાબા સદા પ્રેમ અને આધ્યાત્મિક શિક્ષણ સાથે સાથે આપતા હતા. બાબાની પાસે રહીને માતા-પિતા, બંધુ, સખા એમ દરેક પ્રકારના સંબંધોની અનુભૂતિ કરી. બાબાએ અમારું ફૂલોની જેમ ધ્યાન રાખ્યું. બેહદ પ્રેમ આપ્યો. જે કોઈ આપી ના શકે. મને યાદ છે કે અમે બાબાની સાથે જંગલમાં ભ્રમણ કરવા જતાં હતાં તો બાબા અમને ત્યાં પિકનીક કરાવતા. અમે બોર તોડીને બાબાની સાથે બેસીને ખાતાં હતાં. એ સમયે આખો દિવસ બાબા પાસેથી આધ્યાત્મિક શિક્ષણ લઈ પૂરા આનંદથી વીતતો હતો.

જ્યારે ભારત અને પાકિસ્તાનના ભાગલા પડ્યા પછી 1950માં ભારત આવ્યાં તે વખતે બાબાની સાથે 300 કરતાં પણ વધુ ભાઈઓ-બહેનો હતાં. પરમાત્માનો ઈશારો મળતાં અમે સૌ કરાંચીથી આબુ આવ્યાં. અહીં સર્વ પ્રથમ અમે વૃજકોઠીમાં રહેવા લાગ્યાં. જ્યારે બેગરી પાર્ટ (આર્થિક સંકટ) આવ્યો તો બાબા સદા ચિંતા મુક્ત રહ્યા. આ યજ્ઞ શિવબાબાનો જ છે તો શિવબાબા પોતે જ બ્રહ્માવત્સોની પાલના કરશે. આ સંકલ્પથી બધાં ચિંતામુક્ત રહ્યાં. બાબા સર્વને પૂછતા રહેતા કે કોઈને કંઈ જોઈએ તો કહેજો. તો અમે કહેતાં કે સર્વ કાંઈ છે. કોઈ ઈચ્છા નથી. ક્યારેક અમે બાળકો અડધી રોટલી ખાતાં તો બાબા કહેતા કે આવું કેમ કરો છો ? શિવભોળાનાથનો ભંડારો સદા ભરપૂર છે જેટલું ખાવું હોય તેટલું ખાઓ. અમે કહેતાં કે અમને જેટલી ભૂખ છે તેટલું ખાઈએ છીએ. આ રીતે બાબા સૌને પ્રેમ આપીને પાલના કરતા હતા.

બાબાએ અમારી પાલના ઈશ્વરીય જ્ઞાન રત્નોથી કરી. મને બહુ જ્ઞાન આપતા હતા. જેનું હું પછીથી ખૂબ મંથન કરતી હતી. એકવાર બાબાએ મને કહ્યું કે બેટી, કોઈએ પોતાના સ્વભાવને કારણે આપણને કંઈ કહ્યું, ખરાબ બોલી દીધું તો એનો શો ફાયદો ? તો એની અને આપણી વચ્ચે તફાવત ક્યાં રહ્યો ? એટલે કદી ખરાબ બોલશો નહીં. ખરાબ જોશો નહીં. તમારામાં એવી વૃત્તિ બને કે કોઈ ખરાબ દેખાય નહીં સદા બાબાને યાદ કરીને વિચારો કે તે પણ બાબાનું બાળક છે.

જ્યારે બાબા મધુવનમાં મુરલી સંભળાવતા તો મુરલી સાંભળ્યા પછી હું એકાંતમાં બેસીને લખ્યા કરતી હતી. એક દિવસ બાબા ચક્કર લગાવવા નીકળ્યા તો મને જોઈને બાબાએ કહ્યું કે બેટી, શું કરી રહી છો ? તો મેં કહ્યું બાબા હું આપે

(અનુસંધાન પેજ નં. 17 પર)

# જજ સાહેબના પ્રશ્નો - મમ્માના ઉત્તરો

## સંકલન - બ્ર.કુ. રામલખન, શાંતિવન, આબુરોડ



જ્ઞાનના મુખ્ય વિચારો સ્પષ્ટ થતા ગયા. એક પછી એક સર્વ ગુહ્ય રહસ્યોની જાણ થવા લાગી હતી. સાક્ષાત્કારોની વાતની તો એવી હવા ફેલાઈ હતી કે ઓમ મંડલીમાં થતા સાક્ષાત્કાર જગજાહેર થઈ ગયા. સમગ્ર સંસારમાં 'ઓમ મંડલી ઈઝ ધી રીચેસ્ટ ઈન ધ વર્લ્ડ' અર્થાત્ 'વિશ્વમાં ઓમમંડલી ધનવાન છે.' સાથે સાથે રાજસ્વ અશ્વમેઘ અવિનાશી રુદ્ર ગીતા જ્ઞાન યજ્ઞમાં સંસારને સ્વાહા કરવાની વાતો પણ થવા લાગી. એક નિર્મળ કન્યાને દિવ્યદૃષ્ટિનું વરદાન મળ્યું હતું. એક દિવસ અવ્યક્ત રૂપધારીએ જણાવ્યું કે જે બાબાને યજ્ઞપિતાના રૂપમાં સંબોધન કરવામાં આવે છે વાસ્તવમાં તેઓ પ્રજાપિતા બ્રહ્મા છે. યજ્ઞ માતા તરીકે જેઓને ઓમ રાધે કહેતા હતા તે જગદંબા સરસ્વતી છે. ત્યારથી બાબાને પ્રજાપિતા બ્રહ્મા અને મમ્માને જગદંબા સરસ્વતી કહેવામાં આવતાં હતાં એમના દ્વારા જેઓએ અલૌકિક પાલના મેળવી અને જ્ઞાનગુણ શીખ્યાં તે લોકો જ જાણતાં હતાં કે માતાપિતા તરીકે તેઓ કેટલી નિસ્વાર્થરૂપથી સેવા કરતાં હતાં. તેઓ રાજકુમારો કરતાં પણ વધુ સારી પાલના કરતાં હતાં.

**બ્રહ્મા સૂરજ સરસ્વતી ચન્દા હમ થે જ્ઞાન સિતારે સારે જગકો રોશન કરતે શિવ કે નયન દો પ્યારે બાબા પ્રજાપિતા કહલાયેં - મમ્મા ભી જગદંબાથી**

**બાદમેં આકર આગે બઢ ગઈ - શિવકી યોગિન કન્યાથી**

વિશ્વમાં આ એક વિશ્વ વિદ્યાલયની સાથે-સાથે યજ્ઞભૂમિ પણ હતી. જ્યાં પરમ ઋષિઓ દ્વારા ઓમની નિયમિત ધ્વનિ પણ કરવામાં આવતી હતી. વિશ્વશાંતિ માટે યજ્ઞ રચવામાં આવ્યો હતો. જેમાં ઈશ્વરીય વિદ્યાના નીત નવા પાઠ ભણાવવામાં આવતા હતા. બ્રહ્મા-મોટી માની જ્ઞાન પુત્રીઓ બ્રહ્માકુમારીઓ તથા એમના જ્ઞાનપુત્ર બ્રહ્માકુમાર તરીકે ઓળખાવા લાગ્યા. આ માટે આ અધ્યયન સંસ્થાને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય કહેવામાં આવ્યું. એ વખતે આધ્યાત્મિક શિક્ષણ મેળવનાર 400 બ્રહ્માવત્સોને લૌકિકને બદલે દિવ્યનામ આપવામાં આવ્યાં હતાં. જેમ કે રમાને દાદી પ્રકાશમણિજી, ગોપીને દીદી મનમોહિનીજી, શોભાને દાદી હૃદયમોહિનીજી અને દાદી જાનકીજી એમના લૌકિક નામથી જ પ્રસિદ્ધ થયાં છે. નવા દિવ્યજન્મને કારણે જ બ્રહ્મા વત્સોને પણ દ્વિજ કહેવામાં આવે છે. જેમની જીવનશૈલી સંસારમાં ઉચ્ચ કોટિની હતી. તેઓ સદા પુરુષોત્તમ બનવાનો તીવ્ર પુરુષાર્થ કરતાં હતાં. જેમ જેમ યજ્ઞનું નામ જાણીતું થયું તેમ તેમ ઓમમંડલી વિરુદ્ધની મંડલી (એન્ટી ઓમમંડલી) તમામ પ્રકારનાં વિઘ્નો નાંખવા લાગી. આ અવરોધોથી પણ બ્રહ્માવત્સોની ઈશ્વરીય લગનમાં કોઈ ઓટ આવી નહીં. વિરોધીઓને એ દેખાતું હતું કે જ્ઞાનનાં અભિલાષીઓ સર્વબંધનો તોડીને દાદાની પાસે પહોંચી જતાં હતાં. ત્યારે સિંધના અલાબક્ષ મંત્રીમંડળમાં જે હિન્દુ મંત્રીઓ હતા તેમના દ્વારા ઓમમંડલીને ખતમ કરવા જબરદસ્ત દબાણ

કરવા લાગ્યા. માતાઓ અને કન્યાઓને ભગાડવાના બહાને અત્યાચાર દિન દૂના રાત ચૌગુના વધવા લાગ્યો. તંત્રીઓને ભડકાવીને, પૈસાના બળથી, ઉલ્ટી વાતો અખબારોમાં છપાવા લાગી. તોફાની તત્ત્વોએ લોકોને ભડકાવીને ન્યાયાલયમાં કેસ પણ કર્યો. એક એવું વોરન્ટ કઢાવ્યું. જેમાં ઓમમંડલીની વ્યવસ્થાપક સમિતિનાં અધ્યક્ષા ઓમરાધેજીને કોર્ટમાં હાજર થવાનો હુકમ કરવામાં આવ્યો. વિરોધીઓ ઉલ્ટા સુલ્ટા પ્રશ્નો પૂછાવડાવીને ભોળી ભલી કન્યાઓને - માતાઓની સંસ્થાને બદનામ કરવાનું ષડ્યંત્ર રચ્યું હતું. આ તમાશો જોવા માટે કોર્ટમાં લોકોની ભીડ એકઠી થઈ હતી. જનતાને કેન્ટ્રોલ કરવા માટે પોલીસો પણ વધારે બોલાવવામાં આવ્યા. ઓમ રાધેની સાથે બીજી ચાર બ્રહ્માકુમારીઓ કોર્ટમાં દાખલ થઈ. આ સમાચાર સાંભળીને આખું શહેર ઉત્સુકતાવશ ત્યાં પહોંચી ગયું. પાંચ નીડર અને જ્ઞાની યોગી કન્યાઓમાંથી ઓમરાધેને કઠેડામાં બોલાવવામાં આવ્યાં. સૌમ્યસ્વભાવ અને શ્વેત વસ્ત્રોમાં તેઓ દેવી જેવાં દેખાતાં હતાં. જજ સાહેબ ગંભીર મુદ્રામાં પૂછવા લાગ્યા.

**જજ સાહેબ -** ગીતા હાથમાં ઉઠાવીને શપથ લો કે હું કંઈ કહીશ તે સત્ય કહીશ.

**ઓમ રાધે -** શપથ શાના લેવાના છે અને શું બોલવાનું છે.

**જજ સાહેબ -** તમે ગીતા હાથમાં ઉઠાવીને કહો કે હું ભગવાનને હાજિર નાજીર જોતાં જે કહીશ તે સત્ય કહીશ. સત્ય સિવાય બીજું કશું કહીશ નહીં.

**ઓમ રાધે -** જજ સાહેબ, આ નેત્રોથી તો હું આપને હાજિર નાજિર જોઉં છું. આ આંખોથી તો ભાવના જોઈ શકાતી નથી. તો પછી હું જૂઠ્ઠા શપથ શા માટે લઉં ? હા, હું આત્મા જજ સાહેબને હાજિર નાજિર જોઈને તે પણ બોલીશ તે સત્ય નથી.

આવો વિચિત્ર ઉત્તર કોર્ટમાં સાંભળીને બધાં લોકો તો હસવા લાગ્યાં. ઘણાંએ તાળીઓ પાડવાની શરૂઆત કરી. એમાંથી કેટલાક લોકો બોલ્યાં કે તેઓ (મમ્મા) સાચું બોલે છે. વધારે અવાજ થવાથી જજ સાહેબ નારાજ થઈને ઓર્ડર ઓર્ડર બોલીને સૌને શાંત કર્યાં.

**જજ સાહેબ -** (ઓમરાધેની તરફ જોતાં) હું ભગવાન થોડો છું કે મારા નામે શપથ લો. ભગવાનના નામે શપથ લેવા તે કોર્ટનો નિયમ છે. અહીં સત્સંગ થઈ રહ્યો નથી કે જ્ઞાન ધ્યાનની વાતો સાંભળવામાં આવે.

**ઓમ રાધે -** આપ જ કહો છો કે સત્ય બોલો. આ આંખોથી જેઓને પણ જોઉં છું. એમનામાં વિકાર - બુરાઈઓ ભરેલી છે પરમપિતા ઈશ્વરને કામ ક્રોધાદિવાળા આત્માઓમાં હાજિર નાજિર કહીને જૂઠ્ઠી શપથ શા માટે લઉં ? ગીતા અનુસાર ધર્મગ્લાનિના સમયે ઈશ્વર અવતરિત થાય છે અર્થાત્ સર્વત્ર નથી. તેથી તો તેમને આવવાની જરૂર પડે છે. પરમ હિતકારી પરમાત્માને સર્વમાં હાજિર નાજિર કહીને જૂઠી શપથ કઈ રીતે લઉં ? (21 વર્ષીય કન્યાના મુખથી આવા તર્કસંગત ઉત્તર સાંભળીને લોકો આશ્ચર્ય ચકિત થઈ ગયા. પછી ગણગણાટ થયો કે કોર્ટનો આદેશ તો માનવો પડે. શાંતિ સ્વરૂપ ધારણ કરીને ઓમ રાધે બોલ્યાં. જજ સાહેબ, જૂઠ્ઠી શપથ હું લઈ ના શકું ?

**જજ સાહેબ -** હજુ પણ તક આપું છું. વિચારી લો.

**ઓમ રાધે -** જજ સાહેબ મેં સારી રીતે વિચાર્યું છે. ઓમરાધેજીને ડરાવવા માટે પોલીસ ઓફિસરને હાથકડી પહેરાવવાની આજ્ઞા આપી. પોલીસવાળા હાથકડી લઈને આગળ વધવા લાગ્યા. આ પ્રસંગે પણ મમ્મા હસતાં નિર્ભય અવસ્થામાં ઊભાં રહ્યાં.

સૌ લોકો ઉત્સુકતાવશ જોવા લાગ્યાં કે હવે તો હાથકડી પહેરાવશે. થોડીવારમાં જજ સાહેબ બોલ્યા. થોભો થોભો. પોલીસ પાછળ વળતાં લોકો તાળીઓ વગાડવા લાગ્યાં. છેવટે આ રીતે શપથ લેવાનો આગ્રહ જજ સાહેબે છોડી દીધો. કૌરવોની ભરી સભામાં દ્રૌપદીની લાજ બચી તેવું દૃશ્ય સર્જાયું હતું. છતાં પણ જજ સાહેબ પ્રશ્નોની ઝડી વરસાવવા લાગ્યા.

**જજ સાહેબ -** આટલી ના પાડવા છતાં આપ લોકો ઘરબાર છોડીને બાબાની પાસે કેમ જાઓ છો?

**ઓમ રાધે -** ભગવાન મુરલી વગાડતા હતા તો ગોપીઓ એમની પાછળ શા માટે ભાગતી હતી? તો એમના ઉપર કેસ કેમ ચલાવવામાં આવતો નહોતો? આ જ્ઞાન મુરલી પણ એ જ છે. અમે સૌ એ મુરલીનાં અભિલાષી રહીએ છીએ. જ્યારે પુરુષો ઘરબાર છોડીને સન્યાસ લઈ લે છે ત્યારે એમના ઉપર કેસ કેમ ચલાવવામાં આવતો નથી ? એમને કોર્ટમાં આવા પ્રશ્નો કેમ પૂછવામાં આવતા નથી? અત્યારે ભગવાને અમ કન્યાઓ માતાઓને જ્ઞાનનો કળશ આપ્યો છે. ઈશ્વરીય જ્ઞાનમાં પવિત્રતાની સાથે આગળ વધતાં આવા પ્રશ્નો શા માટે પૂછવામાં આવે છે ? સગાં સંબંધીઓ તરફથી અમારા આ મહાન માર્ગમાં વારંવાર શા માટે અડચણો આપવામાં આવે છે? એમના અત્યાચારોથી જ અમે ખોટું કામ કરી રહ્યા છીએ એવી હવા ફેલાય છે.

**જજ સાહેબ -** દાદાજીને કેટલાં બાળકો છે ?

**ઓમ રાધે -** જજ સાહેબ. અમે દાદાજીના શરીરને જોતા નથી. દિવ્યદૃષ્ટિથી અમને એમના તનમાં પ્રવેશેલા પરમાત્માનો દિવ્ય સાક્ષાત્કાર થાય છે.

**જજ સાહેબ -** આપ જ જણાવો કે ભગવાનનાં કેટલાં બાળકો છે ?

**ઓમ રાધે -** અમે નહીં પણ તમે પણ એમનાં રુહાની બાળકો છો.

જજ સાહેબ સર્વ કાંઈ સાંભળીને લખતા રહ્યા. ઓમ રાધે કઠેડામાંથી ઊતરીને નીચે આવતાં સર્વ લોકો તાળીઓ વગાડવા લાગ્યાં. બીજા દિવસે બાબાને સર્વ સમાચાર સંભળાવવામાં આવ્યા. બાબાએ તો સમાચારપત્રોના માધ્યમથી સર્વ કાંઈ જાણી લીધું હતું.

આ રીતે મમ્માએ કોર્ટમાં યજ્ઞનું નામ આગળ વધાર્યું. લોકો ભ્રાંતિઓમાંથી બહાર આવ્યા. માતેશ્વરી જગદંબા સરસ્વતીજી શક્તિ-સેનાનાં સેનાની તરીકે દેશમાં પ્રસિદ્ધ થયાં. આજે તો પ્રત્યેક સેવાકેન્દ્રોમાં એમની દિવ્ય તસ્વીરો જોવા મળે છે. જે સૌને પ્રેરણા આપે છે.

॥ ઓમશાંતિ ॥

## મહત્વપૂર્ણ
## ઈશ્વરીય સેવાની સૂચના

**મહાશિવરાત્રિનો તહેવાર 21-02-2020ના દિવસે આવે છે.**

શિવરાત્રિને ધ્યાનમાં રાખીને **શિવસંદેશ** પુસ્તિકા લેખ સ્વરૂપે ફેબ્રુઆરી, 2020ના અંકમાં પ્રગટ કરવાના છીએ.

સેવાકેન્દ્રોનાં ઈન્ચાર્જ બહેનોને નમ્ર વિનંતી કે ગ્રાહકો સિવાય વધારે કેટલા અંકો જોઈએ છે તે સત્ત્વરે જણાવશો.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય
**ગુજરાત ઝોન મુખ્યાલય**
**ફોન - 079 - 2532 4460, 2532 4660**
**બ્ર.કુ. નંદિનીબેન - 94267 08448**

### પ્રસન્નતાના પથ પર

# એટેન્શન આપવાથી મન સ્લો ડાઉન થઈ જાય છે.

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



એક બાળકને જબરદસ્તીથી સંભાળી શકતા નથી. તો એને કઇ રીતે સંભાળીએ ? પ્રેમથી ચાલવું પડે છે. મારું મન મારી વાત માનવા માટે તૈયાર થઈને બેઠું છે. મારે માત્ર એને સૂચના આપવી પડશે. તો એક મિનિટ માટે બેસો અને જુઓ કે મારા મનની હાલત કેવી છે. કેવા કેવા વિચાર આવે છે. બીજા કોઈને ના જોશો માત્ર મારા મનમાં કેવા વિચારો ચાલી રહ્યા છે તે જુઓ. હું મનને જે વાત કરું છું તેનો તે સ્વીકાર કરે છે ? જ્યાં ત્રણસો માણસો બેઠા હશે ત્યાં ત્રણસો મન થઈ જશે. જે ઘણાં ઝડપી ચાલે છે. જો સૌએ તેના ઉપર ધ્યાન આપ્યું તો મન સ્લો ડાઉન બની જશે. કંઈ કરવું નહીં પડે પરંતુ જેવું એના ઉપર ધ્યાન આપ્યું તો તે સ્લો ડાઉન થઈ જશે. જેવું જે સ્લો ડાઉન થાય છે ત્યારે તમને કેવું લાગે છે ? શરીર માટે શું કરીએ છીએ. એના માટે શું કરીએ છીએ. કંઈ નહીં બસ એની તરફ થોભીને જોવું પડે. જેમ કોઈ બાળક છે, ચંચળ છે, નટખટ છે, મસ્તી કરે છે. જો આપણે તેના તરફ જોઈશું નહીં તો તે મસ્તી કરતું જશે. તમે એને કંઈ બોલો નહીં. ઊભા રહીને એની તરફ જોયા કરો. પછી તે ઠીક થઈ જશે. સભાન બની જશે કે કોઈ મને જોઈ રહ્યું છે. તો મારે સારી રીતે વર્તન કરવાનું છે. તો મન પણ એવું જ છે. જો આપણે તેના તરફ જોતા નથી તો આખો દિવસ કંઈકને કંઈક ચાલ્યા કરે છે. એ આવું કેમ બોલ્યા ? એણે આવું કેમ કર્યું ? એણે આવું નહોતું કરવું જોય તું. તે એટલી ઝડપથી ચાલે છે કે ચાલતું જ રહે છે. પછી સાંજે ઘેર પહોંચીએ છીએ તો હાલત કેવી થઈ જાય છે ? સાંજે કેટલા તાજગીપૂર્ણ રહીએ છીએ. કારણ કે મન ચાલી ચાલીને થાકી ગયું છે. આજકાલ તો તે ચાલતું પણ નથી ભાગે છે. આપણે પણ ભાગી શકીએ છીએ. પણ થોડા સમય માટે. દરરોજ કેટલા દિવસ સુધી ભાગતા રહીશું ? થોડા સમય માટે. થાકી જઈશું. પછી બેસવું પડશે. આપણે સૂઈ જઈએ છીએ ત્યારે પણ મન ભાગતું રહે છે. મન તરફ જોવાનો એટલો સમય આપણને મળી રહે છે. એને વચ્ચે વચ્ચે આરામ આપવો પડે છે. માત્ર આટલું જ કરવાનું છે. કોઈ ગમે તેટલા વ્યસ્ત હોય એક કલાકમાં એક મિનિટ કાઢી શકે છે ? આજકાલ આપણે મોબાઈલ ફોનનો ઉપયોગ કરીએ છીએ. તો એને ફુલ ચાર્જ કરીને ઘેરથી નીકળીએ છીએ. આખો દિવસ મોબાઈલ ઉપર એટલી વાતો કરીએ છીએ કે સાંજ પડતાં તે ડીસ્ચાર્જ થઈ જાય છે. ઘેર પાછા ફરતાં ખબર પડે છે કે ફોન તો ડીસ્ચાર્જ થઈ ગયો છે. આજે મોબાઈલનું ચાર્જર આપણી સાથે લઈ જઈએ છીએ. ઉપયોગ પણ કરતા જાઓ ચાર્જ પણ કરતા જાઓ. સાંજે જ્યારે ઘેર પાછા ફરીશું ત્યારે મોબાઈલ પૂર્ણ ચાર્જ થઈ ગયો હશે.

**॥ ઓમશાંતિ ॥**

- **જે પણ સંકલ્પ કરો એમાં દૃઢ સંકલ્પ કરતાં જ એનું સ્વરૂપ બની જાઓ તો વિજયનો ઝંડો ફરકાવી શકશો.**

# આવી રીતે મળ્યું મને સાહિત્ય લખવાનું વરદાન

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



જ્યારે હું પહેલીવાર મધુવનમાં આવ્યો હતો ત્યારે આ વિશ્વ વિદ્યાલય પાંડવભવન, માઉન્ટ આબુમાં નહોતું પણ વૃજકોઠીમાં હતું. જે ઓરડો મોટો હતો. રાત્રિ ક્લાસ પછી અમે લોકો વિશ્રામ કરવા પોતપોતાના ઓરડામાં જઈ રહ્યા હતા. એટલામાં બાબાએ કહ્યું, ‘બચ્ચે, ભારતના રાષ્ટ્રપતિને પત્ર લખવાનો છે. તમે લોકોએ તો અનુભવ કર્યો છે કે શિવ નિરાકાર પરમાત્મા પ્રજાપિતા બ્રહ્માના સાકાર તનમાં પ્રવેશ કરીને કઈ રીતે નવી દુનિયા બનાવી રહ્યા છે. એમને નિમંત્રણ આપો કે તમે પણ એમને જાણીને પૂરો વારસો મેળવો. अभी नहीं तो कभी नहीं. એવો એક પત્ર એમને લખવાનો છે. અંગ્રેજીમાં અને હિન્દીમાં પણ પત્ર વાંચીને તેઓ અહીં આવે અને બાપને મળે અને પોતાનો જન્મસિધ્ધ અધિકાર પ્રાપ્ત કરે.’ બાબાએ આદેશ આપ્યો કે કોણ કોણ લખશે ? મેં પણ હાથ ઊંચો કર્યો કે હું પણ લખીશ. અમારા ઓરડામાંથી પણ હાથ ઊંચો કરનાર હતા. એમાં ઘણી મોટી કંપનીના જનરલ મેનેજર હતા. એમનું કામજ હતું પત્ર વ્યવહાર કરવાનું. પત્ર વ્યવહાર ઘણી મોટી વાત છે. બીજા સંસદસભ્ય હતા. ત્રીજા યુનિવર્સિટીના પ્રોફેસર હતા. ચોથા કોઈ ઓફિસના સુપ્રીન્ટેન્ડટ હતા. એમણે પણ હાથ ઊંચો કર્યો હતો. હા બચ્ચે, આજે લખી દેજો, કાલે સવારે બતાવજો.

### હું આમ તો લેખક નહોતો

આજે તો દુનિયામાં એવા લેખકો છે જેમનાં પુસ્તકો લાખોની સંખ્યામાં વેચાય છે. લોકો વાંચે છે અને લેખકોને પુરસ્કાર પણ મળે છે. આમ તો હું લેખક નહોતો પણ વાંચનાર સ્પષ્ટ સમજી શકે એવું કંઈક લખી શકતો હતો. જ્યારે બાબાએ લખવાનું કહ્યું ત્યારે વિચાર્યું કે બાબાએ મને લખવાનું સોંપ્યું છે તો બાબાની સેવા થશે માટે લખી દઉં.

એવું થયું કે જ્યારે અમે ઓરડામાં ગયા તો લાઈટ ચાલી ગઈ. એ દિવસમાં સવારે ક્લાસ સાડા ચાર સુધી યોગ ચાલતો હતો એની પછી મમ્મા આવતાં હતાં. તેઓ વાણી ચલાવતાં હતાં એના પછી બાબા આવતા હતા. મુરલી સંભળાવતા હતા. સવારે તો નાવા ધોવાનો ક્લાસમાં જવાનો સમય હતો. રાતનો સમય જ લખવાનો હતો. જ્યારે લાઈટ ચાલી ગઈ તો કઈ રીતે લખીએ ? અમારા ઓરડામાં જે લખનારા હતા તેઓ વિચારતા હતા કે લાઈટ ચાલી ગઈ છે લખીએ કઈ રીતે ? હવે અંધારું થઈ ગયું છે ચાલો, સૂઈ જઈએ. કાલે જોઈશું બાબા પૂછશે તો કહીશું કે લાઈટ ચાલી ગઈ. અંધારું થઈ ગયું હતું.

### મેં નિર્ણય કર્યો કે મારે લખવાનું જ છે.

મેં તો વિચાર્યું કે મારા માટે તો આ બાબાનો આદેશ છે. સદ્‌ગુરુ કહો, શિક્ષક કહો, પિતા કહો એમનું આ મારા પ્રત્યે પહેલું વરદાન છે. જો એમ કહીએ કે નહીં થાય તો અવગણના કરવાની ટેવ પડી જશે. શિવબાબા તો ત્રિકાલદર્શી છે તેઓને ખબર હશે કે લાઈટ ચાલી જશે આમ છતાં એમણે કહ્યું કે કાલે લખીને લાવવાનું છે. તેથી તો હું

લખીને લઈ જઈશ. અન્ય ભાઈ લોકો મારી મજાક કરતા હતા કે અંધારામાં કઈ રીતે લખશે ? તેઓ મારા માટે અટ્ટહાસ્ય કરવા લાગ્યા. મેં વિચાર્યું કે ઠીક છે દરેકનો પોતપોતાનો વિચાર છે. હું તો ગમે તે રીતે લખી દઈશ.

એ દિવસોમાં ત્યાંની જમીન સારી નહોતી ઊંચી નીચી હતી. એટલે વિશ્વ રતનદાદાએ મને ટોર્ચ આપી હતી. મેં વિચાર્યું કે ટોર્ચ ચાલુ કરીને લખીશ. ટોર્ચ ચાલુ કરી પણ તેમાં રોશની નહોતી. તેથી તેનાથી લખવું સંભવ નહોતું. પછી મેં બહાર જઈને જોયું તો સ્ટ્રીટ લાઈટ ચાલુ હતી. એ દિવસોમાં ઠંડી બહુ જ હતી. ત્યાં જઈને પહેલાં મેં હિન્દીમાં લખ્યું. એને વાંચ્યું. સુધારો કર્યો બીજીવાર સારા કાગળમાં લખ્યું. મારે લખીને મોટી ઓથોરિટી શિવબાબાને બતાવવાનું છે. જે સૌથી મોટી ઓથોરિટી છે. પછી અંગ્રેજીમાં લખવાનું શરૂ કર્યું. અંગ્રેજીમાં શૈલી અલગ અલગ હોય છે. સો ટકા અનુવાદ તો થઈ ના શકે. એને લખીને પછી વ્યવસ્થિત કર્યું. એને બીજી વાર સારા કાગળમાં લખ્યું. એટલામાં સવારના ત્રણ સાડા ત્રણ વાગી ગયા. જ્યારે હું ઓરડામાં ગયો ત્યારે ગીત વાગી રહ્યું હતું. 'જાગ સજનિયાં જાગ'. ત્યારે જે સૂઈ રહ્યા હતા તેઓ ઉઠી ગયા. એમણે જોયું કે હું નીચેથી આવી રહ્યો છું, રાત્રે તેમણે જોયું હતું કે આ નીચે જઈ રહ્યા છે. એ વખતે એમણે મને લખવાની ના પાડી હતી. એમણે જોયું કે એમણે આખી રાત શયન કર્યું નથી. રાત સુધી જાગીને લખી આવ્યા છે. એમણે એ પણ વિચાર્યું હશે કે બાબા તો વૃદ્ધ આદમી છે. વૃદ્ધ આદમી ઘણી વાતો ભૂલી જાય છે. એમણે એ વિચાર્યું કે બાબા લખવાનું પૂછશે કે નહીં પૂછે ? આ ભાઈ મતલબ વગર શા માટે આટલો ગંભીર થઈ રહ્યો છે ? ઓરડામાં લાઈટ ના હોવા છતાં બહાર જઈને લખી રહ્યા છે. એમના વ્યવહારથી મને એમ લાગ્યું કે બાબાને એમણે ઓળખ્યા નથી. જેમ કે બાબા કહે છે હું સાધારણ તનમાં આવું છું. મને ઘણા ઓછા લોકો ઓળખે છે. એમણે સાધારણ તનમાં બિરાજમાન પરમપિતા પરમાત્માને ઓળખ્યા નહીં. થોડા સમય પછી તેઓ જ્ઞાન છોડીને ચાલ્યા ગયા.

## પહાડી પર બાબાએ પૂછ્યું.

એના પછી અમે સવારના ક્લાસમાં ગયા. બાબાએ મુરલી સંભળાવી પણ આ વિશે કંઈ કહ્યું નહીં. હું પણ નવો હતો તેઓ પણ નવા હતા. એમણે સમજ્યું કે બાબા ભૂલી ગયા. ક્લાસમાં એના વિશે કંઈ પૂછ્યું નહીં. યાદ હોત તો બાબા અવશ્ય પૂછે. મુરલી પૂરી થઈ ગઈ ક્લાસ સમાપ્ત થઈ ગયો. અન્ય ભાઈઓ - બહેનો પણ ઉઠીને ચાલ્યા ગયા. અમે પણ ઊભા થયા પણ બાબાએ લખવા વિશે કંઈ પૂછ્યું નહીં. એમણે વિચાર્યું કે જે થયું તે સારું થયું અમે લખ્યું નહીં તો રાતભર સૂઈ શક્યા. આ આદમી એમ જ જાગતો રહ્યો. ક્લાસ સમાપ્ત થયો બાબા ઊભા થયા અને કહ્યું કે બચ્ચે, આજ પહાડી પર પીકનીક કરવા જઈશું. નાસ્તો પણ ત્યાં જ કરીશું. અડધા કલાકમાં સૌ તૈયાર થઈ જાઓ. બાબા પહાડી પર લઈ ગયા. ત્યાં બાબા-મમ્માએ મહાવાક્યો સંભળાવ્યાં. એ વખતે લખાણ બાબત કંઈ કહ્યું નહીં. તેઓ મારી તરફ વારંવાર જોતા હતા ને ઈશારો પણ કરતા હતા. હું તો ચૂપ હતો. એ પછી બાબાએ કહ્યું, અચ્છે બચ્ચે રાત્રે મેં લખવાનું કહ્યું હતું તે કોઈ કોણ લખી લાવ્યું છે ? મેં મસ્તક નીચે ઝૂકાવી દીધું. તેઓએ બાબાને કહ્યું કે રાત્રે અંધારું હતું. જગદીશભાઈએ લખ્યું છે. અમે લખ્યું નથી.

## બાબા પ્રત્યે તે મારું શ્રધ્ધાનું ફૂલ હતું.

પછી બાબાએ કહ્યું બચ્ચે શું લખી લાવ્યા

છો? વાંચો. મેં વાંચ્યું. લેખ એટલો ચમત્કારી નહોતો, સાધારણ જ હતો. મારે જે કહેવાનું હતું તે સ્પષ્ટ રૂપથી લખ્યું હતું. આ બાબા પ્રત્યે મારી શ્રધ્ધાનાં ફૂલ હતાં. મારી બાબા પ્રત્યેની એ ભાવના હતી. એમાં કોઈ વિશિષ્ટ શૈલી ચમત્કાર નહોતો. બાબાની આજ્ઞાનું પાલન કરવા માટે જ લખ્યું હતું. મેં બાબાને સંભળાવ્યું. બાબા તો ભોળાનાથ છે બાળકો માટે સર્વ કાંઈ લૂંટાવનારા છે. એમને પોતાનાં બાળકોને આગળ વધારવાનાં હતાં. બાબા પોતાનાં વરદાની મહાવાક્ય બોલ્યા કે, **''બચ્ચે ઈસ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય કા સાહિત્ય લિખને કા બાબા આપકો વરદાન દેતા હૈ.''** એ દિવસથી બાબાએ મને કહ્યું કે ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના જ્ઞાનની ક્યાંય પણ રજૂઆત કરવા માટે મુખ્ય વક્તા આપજ છો. આ તો મારા માટે એક આશ્ચર્ય હતું. ગજબની વાત હતી. મેં આવું વિચાર્યું નહોતું. શરૂઆતથી જ બાબામાં મારી ભાવના હતી, સ્નેહ હતો, શ્રધ્ધા હતી, અગાધ પ્રેમ હતો એ માટે મેં લખવાનું આ કાર્ય કર્યું હતું.

## મારા માટે ભોલાનાથની આ નિષ્કામ કૃપા હતી

જ્યારે બાબાએ આ કહ્યું તો એક મિનિટ માટે મારું મન ઘણી તીવ્ર ગતિથી ચાલવા લાગ્યું. મેં વિચાર્યું કે હું જ્યારે લોકો સમક્ષ જ્ઞાન રાખીશ તો સૌથી પહેલાં મારે સમજવું પડશે. સ્વયં સમજીશ નહીં તો બીજાઓ સામે રાખીશ કઈ રીતે ? એનો મતલબ કે બાબાએ મારી બુદ્ધિનું તાળું ખોલી દીધું. બાબાએ જ્યારે મને નિમિત્ત બનાવ્યો છે તો પહેલાં મને જ સમજાવશે. એનો અર્થ એ કે પહેલાં મારું કલ્યાણ થશે. સૌથી મોટી વાત છે કે હું જ્ઞાનને સમજી શકીશ. હું એની સૂક્ષ્મતાને નહીં સમજું તો બીજાઓને કઈ રીતે સમજાવીશ ? તો બાબાએ મારું કલ્યાણ કરી દીધું.

એક ચીઠ્ઠી મેં બાબાને લખી કે બાબા આપે મારા માટે જ્ઞાનનો બધો ખજાનો લૂંટાવી દીધો. આ કોઈ મનુષ્યનું જ્ઞાન નથી. મનુષ્યને સમજવો સરળ હોય છે કારણ કે બન્નેની કક્ષા મનુષ્યની છે. જ્ઞાનના સાગર ભગવાનને સમજવા આ ઘણી મોટી વાત છે. મને ખુશી થઈ કે એ ગંભીર જ્ઞાનને સમજવા મને યોગ્ય બનાવ્યો. મારી બુદ્ધિને વરદાન આપશે, શક્તિ આપશે. મેં વિચાર્યું કે બાબાએ તો મને માલામાલ કરી દીધો. મારી આંખો હર્ષનાં આંસુથી ભીની થઈ ગઈ. મને એવું લાગ્યું કે એક જ પળમાં બાબાએ મને શું આપી દીધું. હું જે લખીશ તે લોકો સમક્ષ જશે. એમની સેવા થઈ જશે. એમના આશીર્વાદ મને મળશે. બાબાએ મને એટલું બધું આપી દીધું કે મને નિષ્કામ કૃપા મળી ગઈ. બાબાને કહેવાય છે, કૃપાળુ, દયાળુ, વરદાનોના ભંડાર, ભોલા ભંડારી. આ એમની પહેલી ઝલક હતી, પહેલું સ્વરૂપ હતું.

## બાબાએ કહ્યું, મમ્મા એમની બુદ્ધિમાં બેસી જાઓ

એ પછી તો ઘણી ઘટનાઓ બની. ચેમ્બરમાં ક્લાસ પછી મમ્માની સાથે હું બેઠો હતો. મમ્મા તો મા સરસ્વતીજી છે. બાબાએ મમ્માને સંબોધિત કરતાં કહ્યું કે આ તો સાક્ષાત્ સરસ્વતી છે. મમ્મા તમે એમની બુદ્ધિમાં બેસી ગયાં છો ? આ બાબાએ મમ્માને કહ્યું. મમ્માના એ સ્વાભાવિક સંસ્કારો હતા કે બાબા કહે ત્યારે 'હાં જી' કહેતાં. બાબાએ કહ્યું મમ્મા તમે જગદીશભાઈની બુદ્ધિમાં બેઠાં છો? મમ્માએ કહ્યું. હા, બાબા. મને ઘણી ખુશી થઈ કે સાક્ષાત્ સરસ્વતી, જે વિદ્યાની દેવી છે, તે મને આશીર્વાદ આપી રહ્યાં છે. આ મારું પરમ સૌભાગ્ય છે. એ દિવસે મેં વિચાર્યું કોઈપણ આજ્ઞા હોય તેને ટાળવી ના જોઈએ. બાબાની આજ્ઞાનું પાલન

(અનુસંધાન પેજ નં. 19 પર)

# મોહન કદી કોઈની નિંદા કરશે નહીં.

## બી.કે. મોહનભાઈ સિંઘલ, માઉન્ટ આબુ



શ્વેત વસ્ત્ર, ગૌરવર્ણ, ઉન્નત લલાટ, ઈશ્વરીય સ્નેહ અને નશામાં ડૂબેલાં નયન, સર્વ અલૌકિક પ્રાપ્તિઓની પ્રસન્નતા, ફરિશ્તા જેવી ચાલ - દૂરથી જ એવું લાગતું હતું કે જાણે કોઈ દિવ્ય ફરિશ્તો આ ધરતી પર ઊતરી આવ્યો છે. આવા હતા આપણા પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્મા. બાબા સાથે મારી પહેલી મુલાકાત સન્ 1962ના અંતમાં થઈ હતી. એ સમયે બાબા કાનપુરમાં આવ્યા હતા. તે વખતે હું લખનૌ યુનિવર્સિટીમાં B.Sc. નો અભ્યાસ કરતો હતો. જ્ઞાનના સંપર્કમાં આવ્યે થોડા જ મહિના થયા હતા. લખનૌના સર્વ બ્રહ્માવત્સો બાબા સાથે પ્રત્યક્ષ મુલાકાત કરવા અને મુરલી સાંભળવા કાનપુરથી બસ કરીને આવ્યા હતા. હું પણ તે ગ્રુપમાં હતો.

### 'શ્રી'ના બદલે બાબાએ મારું નામ મોહન રાખ્યું.

જ્યારે બસ કાનપુર પહોંચી તો જે સ્થાન પર પહોંચવું હતું ત્યાં પહોંચવામાં મોડું થઈ ગયું હતું. બાબાની સવારની મુરલી સમાપ્ત થવામાં હતી. મુરલી ક્લાસ પછી લખનૌથી આવેલા ભાઈબહેનોનું બાબા સાથે મિલન થયું. એક એકને બાબા મળી રહ્યા હતા. હાલચાલ પૂછીને ટોલી આપી રહ્યા હતા. અંતમાં મારો નંબર આવ્યો. મને જોતાં જ બાબાએ કહ્યું, 'આવો બેટા, બાબા ઘણા સમયથી તમારું આવાહ્ન કરી રહ્યા હતા. રાહ જોઈ રહ્યા હતા.' અમે બાબાના સુકથનની ગુહ્યતા સમજી શક્યા નહીં. અમે ઉત્તર આપ્યો કે 'હા બાબા. બસ લેઈટ થઈ એટલે અમારે પણ મોડું થઈ ગયું.' બાબાએ ફરીથી એ વાક્યનું પુનરાવર્તન કર્યું. અમને આભાસ કરાવ્યો કે બાબાનો મતલબ 'હદ'થી નહીં 'બેહદ'થી છે. પૂરા કલ્પ અને સંગમયુગના સંદર્ભમાં બાબાએ કહ્યું કે 'બેટા, તમારું નામ શું છે ?' મેં મારું શારીરિક નામ જણાવ્યું. 'શ્રી'. બાબાએ ફરી પૂછ્યું, શું નામ છે બેટા. મેં કંઈક ઊંચા અવાજથી તેજ બતાવ્યું. જે પહેલાં બતાવ્યું હતું. બાબાએ કહ્યું જો બેટા 'અત્યારેતો બાબા પણ પોતાના નામમાં 'શ્રી' લગાવી શકતા નથી કારણ કે 'શ્રી' તો દેવતાઓ માટે કહેવાય છે. જેમનો આત્મા અને શરીર બન્ને જ પવિત્ર હોય છે. આ સમયે તો ના કોઈ આત્મા પવિત્ર છે. અને ના તો શરીર. એટલે કોઈપણ 'શ્રી' કહેવડાવવાના અધિકારી નથી. આજથી આપને બાબા આપનું દિવ્ય નામ 'મોહન' આપે છે. અને આપે 'શ્રી' જેવા બનવાનું છે. બાબાએ પહેલી મુલાકાતમાંજ મને મારો લૌકિક અને અલૌકિક પરિચય આપ્યો. બાબાએ ઘણા પ્રેમથી ગળે લગાવ્યો. ગોદી આપી માથા ઉપર હાથ મૂકીને ટોલી ખવડાવી મને એટલું પોતાનાપણું લાગ્યું જે આજ સુધી ભૂલ્યો નથી.

### બાબાની વધારે નિકટ આવવાની અનુભૂતિ

સન્ 1963માં 'ઈન્ડિયન સ્કૂલ ઓફ સાયન્સ' એન્જીનીયરીંગ કોલેજ, ધનબાદમાં મારી પસંદગી થતાં મારે ત્યાં ભણવા માટે જવાનું હતું. ધનબાદ જતાં પહેલાં બાબાને પૂછ્યું કે, ધનબાદમાં તો કોઈ સેવાકેન્દ્ર નથી તથા હોસ્ટેલમાં રહેવું અને ખાવું પડશે તો અન્નદોષ લાગશે. બાબાએ કહ્યું કે બેટા, દૃષ્ટિ આપીને બાબાની

યાદમાં ખાશો તો તે પણ શુધ્ધ બની જશે. જ્યારે આપણે બાબાની યાદમાં પવિત્ર સૃષ્ટિનું નિર્માણ કરી શકીએ છીએ તો શું આપણે ભોજનને પવિત્ર નહીં બનાવી શકીએ ? એક તરફ તો બાબાએ લૌકિક-અલૌકિક શિક્ષણ મેળવતાં જ્ઞાનમાં ચાલવાનું સાહસ આપ્યું, જ્ઞાનમાર્ગનું સ્પષ્ટીકરણ આપ્યું બીજી તરફ નજીકના સેવાકેન્દ્ર 'સિંદરી' તરફથી સહયોગ મળ્યો. પછી તો ધનબાદમાં પણ સેવાકેન્દ્ર ખૂલી ગયું. ત્રણ વર્ષ સુધી ભોજનની પાલના સેવાકેન્દ્ર તરફથી થઈ. આશ્રમમાંથી નિયમિત રીતે હોસ્ટેલમાં ટીફીન આવતું હતું. અભ્યાસના પ્રથમ વર્ષમાં જ મારા અન્ય સાથી ભ્રાતા વિનોદકુમાર જૈન પણ જ્ઞાનમાં આવી ગયા. આમ ચાર વર્ષ સુધી સાથે સાથે અભ્યાસ કરીને જ્ઞાનમાર્ગમાં વધારે પરિપક્વ થયા. આ વર્ષો દરમિયાન બાબાને અનેકવાર મળવાનું સૌભાગ્ય સાંપડ્યું. મધુવન સિવાય દિલ્હીમાં પણ બે વાર મળવાનું થયું. એક વાર માથુરજીની હવેલીમાં જ્યાં બાબા આવીને રહેતા હતા બીજીવાર દિલ્હીમાં સાઉથ એક્સટેન્શનમાં પ્રદર્શન વખતે બાબા મલ્યા. દરેક વખતે બાબાની વધારેને વધારે નિકટ જવાની અનૂભુતિ થતી રહી.

## દરેક સપ્તાહે બાબાનો પત્ર આવતો હતો

સન્ 1967માં એન્જીનીયરીંગ કોલેજનું શિક્ષણ પૂરું કર્યું. O.N.G.C.માં પસંદ થયો તથા દહેરાદૂનમાં પ્રારંભિક ટ્રેનીંગ પછી આસામમાં 'શિવસાગર' નામે સ્થળમાં મારું પોસ્ટીંગ થયું. એ વખતે સંપૂર્ણ નોર્થ ઈસ્ટ તથા આસામમાં એકપણ સેન્ટર નહોતું. બાબાએ બહુ ઉમંગ ઉત્સાહ ભરતાં કહ્યું કે બાબા જ તમને ત્યાં મોકલી રહ્યા છે કારણ કે બાબાનાં અનેક ભોળાં બાળકો ત્યાં બાબાના સંદેશની રાહ જોઈ રહ્યાં છે. તમારે ત્યાં જઈને બાબાનો સંદેશ આપવાનો છે. કાર્ય પૂરું થતાં બાબા બોલાવી લેશે. ત્યાં જઈને બાબાની કમાલ જોઈ. લગભગ દર સપ્તાહે બાબાનો પત્ર આવતો હતો જેમાંના ઘણા પત્રો મારી પાસે સુરક્ષિત છે. બાબા લખ્યા કરતા હતા કે ત્યાં રોટરીમાં જઈને ભાષણ કરો. મંદિરમાં ચિત્રો લઈને જાઓ. ત્યાં સમજાવો. શિવસાગર લેક (સરોવર)ની પાસે જઈને બેસો ઘણા જ ભક્તો આવશે. એમને સારું જ્ઞાન સંભળાવો.

## સમર્પણથી સેવા

અમે પણ દરરોજ બાબાની આજ્ઞા મુજબ નિમિત્ત બનીને આ સેવા કરતા હતા. અમે જોયું કે ત્રણ ચાર મહિનામાં જ બાબાના અનેકાનેક બાળકો તૈયાર થઈ ગયાં. એમાં મારવાડી બાળકો તૈયાર થઈ ગયાં. એમાં મારવાડી માતાઓ અધિક હતી. બધાં મળીને મંદિરના હોલમાં જ દરરોજ ક્લાસ કરતા હતા. મારો એ અનુભવ હતો કે જો આપણે નિઃસ્વાર્થ ભાવથી સમર્પિત થઈ જઈએ છીએ તો બાબા સ્વયં જ આપણને નિમિત્ત બનાવીને સેવા કરાવે છે. હું દહેરાદૂનથી આસામ ગયો હતો તેથી મારો સંપર્ક દહેરાદૂનનાં નિમિત્ત ટીચર પ્રેમબહેનજી સાથે જ હતો. ત્યાંથી જ મને મુરલીઓ મળતી હતી. દહેરાદૂનમાં એ વખતે આધ્યાત્મિક મ્યુઝિયમ બની રહ્યું હતું. તેથી મને કેટલાક દિવસો માટે ત્યાં બોલાવ્યો હતો. લૌકિક કાર્યથી રજા લઈને હું પહેલાં દહેરાદૂન ગયો. પછી મારા લૌકિક પિતાજીની સાથે 17 જાન્યુઆરી, 1969ના દિવસે સવારે મધુવન ( પાંડવભવન) પહોંચી ગયો. હું મારી જાતને પદ્માપદ્મ ભાગ્યશાળી સમજું છું. - કે મને 18 જાન્યુઆરી, 1969માં બાબા અવ્યક્ત થયા ત્યાં બાબાની અવ્યક્ત અવસ્થા, કર્માતીત અવસ્થાને જોવાની તક મળી.

## બાબા જણાવ્યા વિના મનની વાત જાણી લેતા હતા

ધીરે ધીરે એવું લાગતું હતું કે બાબા ગહન અંતર્મુખી થતા જઈ રહ્યા છે. બાબા થોડા જ સમયમાં એમના પ્રશ્નોના ઉત્તર આપી દેતા હતા. અમે અનુભવ કર્યો કે બાબા દૃષ્ટિ આપતા હતા અને મનમાં જે પ્રશ્નો હોય, તે જાણી લેતા હતા. જ્યારે આત્માની ફરિશ્તા સ્વરૂપ, વિદેહી સ્થિતિ હોય છે તો સંકલ્પો ઉપર વિજય પ્રાપ્ત થઈ જાય છે. તે 'ઈચ્છા માત્રમ્ અવિદ્યા'ની સ્થિતિમાં આવે છે.

## ઘણો મીઠો બાળક છે

18 જાન્યુઆરીએ સવારના ક્લાસમાં બાબાએ મુરલી ચલાવી નહોતી. માત્ર યોગ જ કરાવ્યો હતો. એ વખતે રાત્રિ ક્લાસ દરરોજના સમય કરતાં દોઢ કલાક વહેલો કરાવ્યો. બાબાને મોટે ભાગે ખાંસી આવતી હતી. પણ એ દિવસે રાત્રિ ક્લાસમાં બાબાને બિલકુલ ખાંસી આવી નહોતી. જે એ વાતની સૂચક છે કે કર્માતીત બનતાં પહેલાં કર્મભોગ ઉપર યોગબળની સંપૂર્ણ રીતિથી જીત થઈ જાય છે. એ રાત્રે મુરલી સાંભળતાં સાંભળતાં મારા મનમાં સંકલ્પ આવ્યો કે બાબા મારા વિશે કંઈક કહે. ખરેખર થોડી ક્ષણોમાંજ બાબાએ મહાવાક્ય ઉચ્ચાર્યાં. 'આ બાળક, મોહન ઘણો મીઠો બાળક છે તે કદી પણ કોઈની નિંદા કરશે નહીં. સંપૂર્ણ બની જશે.' એ રાત્રિ ક્લાસમાં બાબાની અધિકતર મુરલી 'નિન્દા હમારી જો કરે, મિત્ર હમારા સોય' આ વિષય ઉપર ચાલી હતી. બાબાનાં આ મહાવાક્યોને સદા યાદ રાખવાનો પ્રયાસ કરીએ છીએ. મુરલી પછી બાબાએ હિસ્ટ્રી હોલના દરવાજા ઉપર ઊભા રહીને નવી વાત કહી હતી 'અચ્છા, બાબા બચ્ચોં સે છુટ્ટી લેતા હૈ વિદાય લેતા હૈ' આ શબ્દો પહેલાં બાબાએ કદી ઉચ્ચાર્યા નહોતા. આ વાતનું રહસ્ય એમના અવ્યક્ત થયા બાદ સૌની સમજમાં આવ્યું.

બાબાએ 18 જાન્યુઆરી, 1969ની રાત્રિએ શરીર છોડ્યું. 21 જાન્યુઆરીએ બપોર પછી એમના અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા. ત્રણ દિવસ પછી પણ બાબાનું શરીર એવું ચમકી રહ્યું હતું. શરીર કાળુ પણ ના પડ્યું કે એમાં કોઈ દુર્ગંધ પણ નહોતી. આ બાબાના કર્માતીત બનવાની સાથે સાથે પ્રકૃતિજીત બનવાની તરફ સંકેત છે. પ્રેરણા આપે છે આપણે પણ તેવા જ બનવાનું છે.

॥ ઓમશાંતિ ॥


(પેજ નં. 07નું અનુસંધાન)..આધ્યાત્મિક શિક્ષણ

સંભળાવેલી મુરલી લખું છું. બાબાએ જોયું તો કહ્યું કે આ તો ઘણી સારી વાત છે. કેટલીયે બીમાર માતાઓ છે. તે સૌ બાબાની મુરલી સાંભળી શકતાં નથી. તો એમને મુરલી મોકલવી તે સારું છે. બાબાના જણાવ્યા મુજબ મુરલીને ત્રણ નકલો બનાવીને બાબાને આપી. તેમાંથી બાબાએ બીજી નકલો બનાવી અને ઠેર ઠેર મુરલી જવા લાગી.

જ્યારે બાબાને 1954માં જાપાન જવાનું નિમંત્રણ મળ્યું તો બાબાએ અમને જાપાન ધર્મસંસદમાં જવા માટે તૈયાર કર્યાં. પહેલાં બાબાએ મને કહ્યું કે બહેનોને નિમંત્રણ મળ્યું છે. તો બહેનો જશે. પણ પાછળથી મને દાદી પ્રકાશમણિને તથા એક ભાઈ એમ ત્રણને સેવા માટે મોકલ્યા. ત્યાં અમે 12 માસ રહીને ભિન્ન ભિન્ન શહેરોમાં જઈને બાબાનું જ્ઞાન સંભળાવ્યું. સેવા સંબંધી કોઈ માર્ગદર્શનની જરૂર પડે તો બાબા પાસેથી મંગાવતા. ભારત આવીને અમે સર્વ સેવાકેન્દ્રો પર ચક્કર (ટૂર) લગાવ્યાં. સેવાઓના કાર્યક્રમો કર્યાં. ત્યાર પછી અમે જાપાનથી પાછા ફરીને બાબાને વિગતવાર સમાચાર સંભળાવ્યા. બાબા ઘણા ખુશ થયા. ॥ ઓમશાંતિ ॥

# આ રીતે શરૂ થયો અવ્યક્ત પાલનાનો અદ્‌ભુત પાર્ટ

## બ્ર.કુ. રમેશભાઈ, મુંબઈ



પ્રાણપ્યારા શિવ-બાબાનો સાકાર માધ્યમ બ્રહ્માબાબાના અવ્યક્ત થયા પછી પોતાનો દિવ્ય પાર્ટ અવ્યક્ત બ્રહ્માની સાથે જ પુનઃ શરૂ થયો. આ પાલના લેતાં 50 વર્ષ પૂરાં થઈ ગયાં. શિવબાબા સર્વશક્તિમાન, સર્વ સમર્થ હોવા છતાં પોતાનાં બાળકોના ભાગ્યને માટે કઈ રીતે સૌને પુરુષાર્થનો રસ્તો બતાડ્યો આ વિષય બાબત આપણા મનમાં જિજ્ઞાસા હોય છે જ. બાબાએ આદિ, મધ્ય, અંત, મનસા, વાચા, કર્મણા, સમય, સંકલ્પ, વાણી, સંગમયુગ, બેહદ ડ્રામાનું પૂર્ણ જ્ઞાન બ્રહ્માવત્સોને આપી દીધું. એ પણ જણાવ્યું કે કઈ રીતે બાળકો પોતાની આધ્યાત્મિક ઉન્નતિ કરે. એનો યોગ્ય પથ બાબાએ સૌને બતાવ્યો છે. આ પાલનાના પાર્ટની બાબાએ કઈ રીતે શરૂઆત કરી આ વિષય પર રાજયોગી ભ્રાતા રમેશભાઈજીએ પોતાના એક લેખમાં જણાવ્યું હતું. તેની અહીં રજૂઆત છે.

સંતરીદાદીજીના સાથની મધુર સ્મૃતિઓને યાદ કરતાં બ્રહ્માકુમાર રમેશજી કહે છે. સંતરીદાદીજી યજ્ઞની શરૂઆતથી જ મુખ્ય સંદેશી હતાં.જ્યારે જ્યારે યજ્ઞના કારોબારમાં જરૂર પડે ત્યારે સંતરીદાદીને બ્રહ્માબાબા વતનમાં મોકલતાં અને શિવબાબા પાસેથી સંદેશ મેળવતાં. યજ્ઞની સ્થાપના થઈ ત્યારથી યજ્ઞની મુખ્ય સંદેશી હોવાના કારણે દરેક નાના મોટા પ્રસંગ પર સંતરીદાદી જ અવ્યક્ત બાપદાદા પાસેથી સંદેશ લઈને આવતાં હતાં. 18 જાન્યુઆરી, 1969ના દિવસે બ્રહ્માબાબા અવ્યક્ત થયા. ધીરે ધીરે ચારે દિશાઓથી બાબાનાં બાળકો માઉન્ટ આબુ પર આવવા લાગ્યાં. 19 જાન્યુઆરી, સાંજે લગભગ 7 વાગે અમે હિસ્ટ્રી હોલમાં એકઠાં થયાં. અચાનક સંતરીદાદીને બાબાએ વતનમાં બોલાવ્યાં. તેઓ ઉઠીને સંદલી ઉપર બેઠાં ને બાબાની પાસે ચાલ્યાં ગયાં. સંતરીદાદીના તનમાં શિવબાબાની પધરામણી થઈ. બાબાએ લગભગ સવા કલાક મુરલી ચલાવી. બ્રહ્માબાબા વિશે જણાવ્યું કે બચ્ચા વતનમાં આરામ કરી રહેલ છે. એટલે એમને સાથે લઈને આવી નથી. 21 જાન્યુઆરીના દિવસે ભલે અગ્નિસંસ્કાર કરો પછીથી હું આવીશ અને ભવિષ્યના કારોબાર વિશે પૂર્ણ માર્ગદર્શન આપીશ.

20 જાન્યુઆરીની સવારે મુરલી ક્લાસ પછી સંતરીદાદી મારી પાસે આવ્યાં અને કહ્યું કે રમેશજી હું એવું માનું છું કે મારા તનમાં શિવબાબા ના આવે. ગુલઝારદાદીના તનમાં આવે. કારણે હું શરૂઆતથી યજ્ઞની મુખ્ય સંદેશી રહી છું. યજ્ઞની હું ઘણી વાતો જાણું છું. મારા તનમાં આવીને બાબા બતાવશે તો લોકોને વિશ્વાસ નહીં આવે કે આ બાબા બોલી રહ્યા છે કે સંતરીદાદી બોલી રહ્યાં છે? સંતરીદાદીએ મને પૂછ્યું કે આપ જણાવો. હું શું કરું? આપ સ્વયં જ માલીક બનીને બાબાની પાસે જાઓ અને પૂછો કે તમારે કયો રથ જોઈએ ? સંતરીદાદી બાબાની પાસે ગયાં. બાબાએ કહ્યું કે તમે સ્વયં જ નક્કી કરો કે બાબાને કયો રથ જોઈએ ? સંતરીદાદીએ નીચે આવીને કહ્યું કે માએ તો માર્ગદર્શન આપ્યું નથી બધી વાત બાળકો ઉપર છોડી છે. અમે દાદી પ્રકાશમણિજી પાસે ગયાં. ત્યાં

સુધી દીદી મનમોહિનીજી આવી ચૂક્યાં હતાં. બંનેએ એ કહ્યું કે આટલાં ભાઈ બહેનો આવી રહ્યાં છે, અમે વ્યસ્ત છીએ. તેનો નિર્ણય આપ કરો. પછી અમે બંને ગુલઝારદાદીની પાસે ગયા અને એમને પૂછ્યું કે આપના તનમાં શિવબાબાની પધરામણી થશે. આપને એ મંજૂર છે? આપ જ નક્કી કરો. વાત પાછી સંતરીદાદી પાસે આવી. સંતરીદાદીએ ફરી કહ્યું કે રમેશજી, હું સમજું છું કે યજ્ઞના ભવિષ્ય માટે, કારોબાર અને સુરક્ષાની દૃષ્ટિથી મારા તનમાં બાબા ના આવે. ગુલઝારના તનમાં આવે. સંતરીદાદીની આ વાત સાંભળીને મારું મન સંતરીદાદી પ્રત્યે શ્રધ્ધાથી ભરાઈ ગયું. 32 વર્ષથી જેઓ મુખ્ય સંદેશી તરીકે સેવા આપતાં હતાં, સાકારબાબાએ એમને નિયુક્ત કર્યાં હતાં એનો ક્ષણભરમાં ત્યાગ કરી રહ્યાં હતાં. આ ઘણી મોટી વાત હતી. મેં દાદીને કહ્યું કે દાદી આપના આ ત્યાગ માટે યજ્ઞ આપનો સદાને માટે ઋણી રહેશે. પછી અમે બંનેએ જઈને દાદી પ્રકાશમણિ અને ગુલઝારદાદીને આ નિર્ણય સંભળાવ્યો. વાતને અહીં સમાપ્ત કરી દીધી.

બીજા દિવસે 21 જાન્યુઆરી, 1969ના દિવસે અગ્નિ સંસ્કાર બાદ ભોગ લગાવવા માટે સભામાંથી ઉઠીને ગુલઝારદાદી સંદલી ઉપર જઈ રહ્યાં હતાં ત્યારે દીદીએ કહ્યું કે ગુલઝાર ક્યાં જઈ રહી છો ? બાબાને ભોગ લગાવવા સંતરી બેસશે. ત્યારે સંતરીદાદી અને પ્રકાશમણિજીએ એ વાત જણાવી કે ગુલઝારદાદી ભોગ લગાવશે. પછી 21 જાન્યુઆરી 1969ની અવ્યક્ત મુરલી દ્વારા અવ્યક્ત બાપદાદાનો જે પાર્ટ શરૂ થયો તેના તો આપણે સાક્ષી છીએ. સંતરીદાદીએ ત્યાગ કર્યો ત્યારે આપણને પ્રભુપાલના મળતી હતી. પછી મેં દાદી પ્રકાશમણિજીને જણાવ્યું કે સંતરીદાદીનો કેટલો મોટો ત્યાગ છે. આ રીતે આપણા યજ્ઞનો ઈતિહાસ ત્યાગની ભૂમિકા ઉપર રચાયેલો છે.

**॥ ઓમશાંતિ ॥**

**(પેજ નં. 14નું અનુસંધાન)... આવી રીતે મળ્યું**

કરીને ચાલીશું તો બાબા આપણા ભંડારા ભરપૂર કરી દેશે.

## જ્ઞાનની દેવી મા સરસ્વતી

એક દિવસ બાબા અને મમ્મા બન્ને બેઠાં હતાં. મમ્માની મુરલી સમાપ્ત થઈ હતી. બાબાએ મુરલી શરૂ કરી. બાબાએ કહ્યું આપણે સૌ પ્રથમ ઉલ્લુ હતા, ઊંધા લટકી રહ્યા હતા. આ સંસાર વિશે કંઈ પણ માહિતી નહોતી. પછી બાબાએ કહ્યું આપણા સૌની અંદરથી એ નીકળવું જોઈએ કે આપણે ઉલ્લુ હતા. જ્યારે એવું નહીં સમજીએ કે આપણે ઉલ્લુ હતા અને અલ્લાહે આવીને આપણને સીધા બનાવી દીધા તો કઈ રીતે ખબર પડશે કે ભગવાનનો આપણા પ્રત્યે કેટલો પ્રેમ છે ? બાબાએ કહ્યું કે મમ્મા બેઠાં છે. મમ્મા તો બોલતાં જ નથી કે આપણે ઉલ્લુ હતા. મમ્માએ મસ્તક હલાવીને કહ્યું હા બાબા. હું આ વાતને એટલા માટે કહેવા ઈચ્છું છું કે મમ્માની એ વિશેષતા હતી કે બાબાએ જે કહ્યું, મમ્માએ સો ટકા નિશ્ચય કરીને માની લીધું અને ચાલીને પણ બતાવ્યું. તેઓ કદી એમ ના ભૂલ્યાં કે મને કોણ કહી રહ્યું છે. એટલા માટે જ તેઓ જ્ઞાનનાં દેવી, મા કલ્યાણી કહેવાયાં. જ્ઞાનનો પૂરો મર્મ, જ્ઞાનની બધી ગંભીરતા મમ્મામાં હતી એમનું જીવન જ જ્ઞાનયુક્ત, જ્ઞાન સ્વરૂપ, જ્ઞાનપૂર્ણ હતું.

**॥ ઓમશાંતિ ॥**

# બાબાનું વ્યક્તિત્વ દિવ્ય, ભવ્ય અને શાલીનતાપૂર્ણ હતું.

બ્રહ્માકુમારી મોહિનીબેન, ન્યૂયોર્ક, અમેરિકા



મારો લૌકિક જન્મ કરાંચીમાં થયો. જ્યારે ભારત અને પાકિસ્તાનનું વિભાજન થયું હતું. ત્યારે હું ચાર વરસની હતી. વિભાજનને કારણે અમારા પરિવારના સભ્યો કરાંચીથી દિલ્હી આવ્યાં. મારું લૌકિક શિક્ષણ દિલ્હીમાં જ થયું. દરેક પરિવારમાં કેટલીક માન્યતાઓ પણ હોય છે. અમારા પરિવારમાં એ માન્યતા હતી કે ઘરની છોકરીઓને સારી રીતે શિક્ષણ આપવું જોઈએ. એનું કારણ એક પુત્રી હતી. તે અમારા પરિવારની હતી જેનું લગ્ન ધનાઢ્ય પરિવારમાં થયું હતું. એમનો બીઝનેસ હતો. એક વાર વ્યાપારમાં ખોટ જતાં એમનું જીવન મુશ્કેલીઓથી ઘેરાઈ ગયું. ત્યારથી ઘરમાં દાદા, નાના વગેરે જે બુઝુર્ગ હતા એમને એ વિચાર આવ્યો કે આપણે છોકરીઓને એટલું શિક્ષણ આપીએ કે સમય જતાં એમના પરિવારમાં ચઢતી પડતી થાય તો તે સ્વતંત્ર રીતે નિર્વાહ કરી શકે અર્થાત્ આર્થિક રીતે પોતાના પગ ઉપર ઊભી રહી શકે.

## ધ્યાન હતું લૌકિક મૂલ્યો પર

હું શાળામાં ભણતી હતી ત્યારે મારું જીવન ધ્યેય સાધારણ નહોતું. પરિવારમાં ધાર્મિક કર્મકાંડ ચાલતાં હતાં. જેમ કે પ્રાર્થના કરવી, પૂજા કરવી. ગુરુઓના આશ્રમોમાં જવું એમાં ખાસ રુચિ હતી નહીં. હા, નૈતિક મૂલ્યો પર ઘણું ધ્યાન હતું. સાચું બોલવું, ઈમાનદાર બનીને જીવવું આ સારું લાગતું હતું. ચારે તરફ હું જોતી હતી કે મને ક્યાંયથી પણ મૂલ્યો માટે પ્રોત્સાહન મળતું નહોતું. એટલે મનમાં એ ભાવ જાગતો હતો કે આપણને એવી શક્તિ મળે એવું આધ્યાત્મિક જ્ઞાન મળે જેનાથી આપણે મૂલ્યોની સાથે જીવન જીવી શકીએ. વિદ્યાર્થી જીવનમાં પણ હું શાળાનાં પુસ્તકો ઉપરાંત સ્વામી વિવેકાનંદ અને સ્વામી રામતીર્થનાં પુસ્તકો વાંચતી હતી.

અમારા પરિવારનો સંબંધ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સ્થાપના કાળથી જ હતો. આ સંસ્થા ઓમમંડલીના નામથી 1936માં સિંધ હૈદરાબાદમાં શરૂ થઈ. ત્યારે મોટાભાગનાં સિંધી પરિવાર ત્યાં ગયાં હતાં. મારા પિતાજી પણ સર્વ પરિવારવાળાઓની સાથે ઓમ મંડલીમાં ગયાં હતાં. જ્યારે અન્ય પરિવારોની બહેનો સેવામાં સમર્પિત થવા લાગી તો ડરને લીધે અમારા સર્વ પરિવારોને ત્યાં જવાનું બંધ કરાવી દીધું હતું. તે વખતે પણ મારાં માસી અને માસાજી તે સમયે જ સમર્પિત થયાં હતાં. માસીને ગોપીદાદી કહેવામાં આવતાં હતાં. એમના યુગલ (પતિ)ને સ્વામીજી કહેતા હતા. પછીથી ચૌદ વર્ષ સુધી ઓમમંડલી સાથે અમારા પરિવારનો કોઈ સંબંધ રહ્યો નહોતો.

## આકર્ષિત કરતી હતી અલૌકિકતા

જ્યારે 1950માં ઓમમંડલી આબુ આવી. 1951માં કેટલીક બહેનો દિલ્હીમાં અમારા ઘેર આવી. દિલ્હીમાં સેવા કરવા માટે કંઈક સહયોગની એમને જરૂર હતી. એ વખતે હું લગભગ અગિયાર વર્ષની હતી. મેં પહેલી વાર બ્રહ્માકુમારી બહેનોને જોઈ. અમને અમારા પરિવાર દ્વારા કહેવામાં આવ્યું કે તમારે કોઈએ

બ્રહ્માકુમારી બહેનોને મળવાનું નથી. બહેનો ઘર પર આવતી જતી હતી. ઘરનાં મોટાં એમને (બ્રહ્માકુમારી) મળતાં હતાં પણ નાનાંને બ્રહ્માકુમારી બહેનો સાથે મળવા દેવામાં આવતાં નહોતાં. મારા મનમાં એ ઉત્સુકતા રહેતી હતી કે આ બહેનોને મળવું જોઈએ. એમની સાથે વાતો કરવી જોઈએ. ઘેર આવનારમાં મનોહરદાદી, ગંગેદીદી, દીદી મનમોહિની, દાદી ગુલઝાર વગેરે હતાં. એમની વેશભૂષા સાધારણ હતી પણ હું એમને જોતી હતી કે બીજાંઓ કરતાં ભિન્ન છે. એમની અલૌકિકતા મને આકર્ષિત કરતી હતી. એમનો હર્ષિત ચહેરો, એમની સાદગી, સફાઈ વગેરે વાતો મંત્રમુગ્ધ કરતી હતી. એ સમયે મને એટલું જ યાદ હતું કે એક બાબા છે. જેમને બ્રહ્માબાબા કહેવામાં આવે છે.

## સાકારબાબાનું દિલ્હીમાં આગમન

1956માં મારો કોલેજનો અભ્યાસ પૂરો થયો. મારે વિશ્વ વિદ્યાલયમાં પ્રમાણ પત્ર લેવાનું હતું. એની વચ્ચે થોડી રજાઓ હતી. એ સમયે મને પ્રેરણા થઈ કે મારે આધ્યાત્મિક શિક્ષણ લેવું જોઈએ. મને ખબર મળી કે મારા ઘરની નજીક જ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ-વિદ્યાલયની શાખા ખૂલી છે. એક દિવસે હું ત્યાં ગઈ. બહેનોએ કહ્યું તમે રોજ આવો. તમારી માતાને પણ લઈને આવો. હું એમજ જતી હતી મને ખાસ રુચિ ન હતી. પછી મેં બાબા સાથે સંપર્ક સ્થાપિત કરવાનો શરૂ કર્યો. એક વાર મેં બહેનોને પૂછ્યું કે હું બાબાને પત્ર લખી શકું છું. બહેનોએ કહ્યું, હા લખી શકો છો. બાબા એનો ઉત્તર પણ આપતા હતા. મારા લૌકિક પિતાજીએ શરીર છોડ્યું હતું. તોમેં બાબાને પૂછ્યું મારે તમારી પુત્રી બનવું છે તો કઈ કઈ શરતો છે ? ઉત્તરમાં બાબાએ ઘણો સારો પત્ર લખ્યો કે રોજ પ્રાતઃ ક્લાસમાં આવીશ, જ્ઞાન સાંભળીશ તો આપનો બાબા સાથે સંપર્ક થશે. મને લાગ્યું કે થોડા સમય માટે ક્લાસમાં જાઉં થોડું સાભળું, થોડું શીખું. એ દિવસે સાપ્તાહિક કોર્સ વગેરે ક્યાંય નહોતું. સેવાકેન્દ્ર ઉપર મને સાધારણ રીતિથી જ્ઞાન સમજાવ્યું. સેવાકેન્દ્ર ઉપર જવામાં એક મહીનો જ થયો હતો ત્યારે સાકાર બાબાનું દિલ્હીમાં આગમન થયું. પત્રો દ્વારા મારો સંપર્ક માત્ર બાબા સાથે જ હતો. મેં કહ્યું કે હું બાબાને મળવા ઈચ્છું છું. બાબાએ મને સાંજે પાંચ વાગ્યાનો સમય આપ્યો. ત્યારે મેં કોલેજ જવાનું શરૂ કરી દીધું હતું.

## બાબા જ સાચા માર્ગદર્શક લાગ્યા

મેં ઈતિહાસ અને રાજ્યશાસ્ત્રના વિષય રાખ્યા હતા. હું ઈચ્છતી હતી કે દુનિયાના વિશે થોડી પણ માહિતી મળે. એ દિવસે કોલેજ પછી હું બાબાની પાસે ગઈ. બાબાની સાથે પંદર વીસ મિનિટ બેસી રહી. બાબાએ ઘણી વ્યવહારિક વાતો કરી કે તમે શું ભણો છો ? ઈતિહાસમાં શું શીખો છો ? તમારા કયા કયા શોખ છે ? બાબાએ મારી સાથે ઘણા પ્રેમથી વાતો કરી. બાબાના વ્યક્તિત્વને જોઈને એવું લાગતું હતું કે તેઓ અંદર બહાર એકદમ સ્પષ્ટ અને સ્વચ્છ હતા. બાબાનું વ્યક્તિત્વ દિવ્ય અને ભવ્ય તો સદા હતું પરંતુ બાબાનો વ્યવહાર જેવો કે બાળકોને ટોલી ખવડાવવી, એમની સાથે વાતો કરવી. તેઓ ઘણા રોયલ રહ્યા. લૌકિક પરિવારવાળાઓ સાથે અન્ય આશ્રમોમાં પણ જતી હતી પરંતુ ગુરુ વગેરેથી દૂર રહેતી હતી. ઘરવાળાં કહેતાં હતાં એમના પગ ધૂઓ, પ્રણામ કરો, એમની પાસે બેસો પરંતુ હું કહેતી હતી ના જ્યારે તેઓ પ્રવચન આપશે તો સાંભળીશ. એમની નજીક જવાની ઈચ્છા થતી નહોતી. જ્યારે મેં બ્રહ્માબાબાને જોયા તો થયું કે બાબા જ સાચા માર્ગદર્શક છે. બાબા જે શિક્ષણ

આપતા હતા. મારે એવું શિક્ષણ જોયતું હતું જેથી હું મારું જીવન બનાવી શકું.

### ઈશ્વરીય સેવામાં સમય વીતવા લાગ્યો

બાબાએ મને કહ્યું, બેટી, તારે અભ્યાસ છોડવાનો નથી. બાબાને એવી ભણેલી ગણેલી બેટીઓની જરૂર છે જે વિદેશોમાં સેવા કરે. મારું શિક્ષણ પણ અંગ્રેજી માધ્યમમાં હતું. ઘરવાળાં પણ મને ભણાવવા ઈચ્છતાં હતાં. હું ભણવા માટે ઈચ્છતી હતી. બાબા પણ મને ભણવાનું કહેતા હતા. તેથી હું ખુશી ખુશીથી ભણવા લાગી. વચ્ચે વચ્ચે સેવા પણ કરતી હતી. જ્યાં કાર્યક્રમો થતા હતા. નવાં સેન્ટરો સ્થપાતાં હતાં ત્યાં ભાષણ કરવા પણ જતી હતી. ધીરે ધીરે મારો વધારે સમય ઈશ્વરીય સેવામાં લાગતો હતો. પરિવારવાળા પણ સમજવા લાગ્યાં કે એનું જીવન ઈશ્વરીય સેવા અર્થે જ વીતશે. મેં બી.એ.ની પદવી મેળવી એના પછી પત્રકારિતાનો કોર્સ કર્યો.

ઘરવાળાંઓએ કહ્યું કે જીવનમાં દરેકનું પોતપોતાનું લક્ષ્ય છે. જો તમારા જીવનનું લક્ષ્ય બ્રહ્માકુમારી બનવાનું હોય તો તમને રોકીશું નહીં. એક વર્ષ મેં પત્રકાર તરીકે નોકરી કરી. એમને વિશ્વાસ હતો કે હું મારા પગ ઉપર ઊભી રહીને જીવન જીવીશ. પછી તેઓ મને જ્ઞાનમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવા લાગ્યાં. શિક્ષણ પૂરું કર્યા પછી હું 1962માં સેવાકેન્દ્ર પર રહેવા લાગી. બાબા મને મોટી મોટી યોજનાઓ વિશે જણાવતા હતા. તેઓ કહેતા મોટાં મોટાં પર્વતીય સ્થાનો પર જઈને પ્રદર્શન કરો. દિલ્હીમાં હોવાને લીધે કોઈ મંત્રી પાસે જવાનું હોય તો બાબા મને મોકલતા. કોઈની પાસે ઈશ્વરીય સેવા સંબંધી કાર્ય કરવાનું હોય ત્યારે બાબા મને મોકલતા.

### વિઘ્ન આવે, તો ગભરાશો નહીં.

હું 1958માં પહેલી વાર મધુવનમાં આવી હતી. મધુવનમાં થોડા દિવસો રહીને દિલ્હી પાછી જઈ રહી હતી. વિશ્વ કિશોરભાઈ મને સ્ટેશન ઉપર મૂકવા આવ્યા હતા. એમણે મને કહ્યું કે બાબાના કાર્યમાં જ્યારે પણ કોઈ વિઘ્ન આવે, તો ગભરાશો નહીં. ખુશ રહેવું જોઈએ. બાબા આ વખતે મદદ કરશે. જ્યારે કોઈ કાર્ય સરળ હોય છે ત્યારે આપણે બાબાને યાદ કરતા નથી. બાબાને યાદ નથી કરતા તો બાબા મદદ કઈ રીતે કરશે ? એટલે જ્યારે વિઘ્ન, પરિસ્થિતિઓ આવે ત્યારે ગભરાશો નહીં. એક બાજુ બાબાએ મને વરદાન આપ્યું હતું કે તમને સફળતા મળશે. બીજી બાજુ ભાઉ ( વિશ્વ કિશોરદાદા )એ બતાવેલી યુક્તિ ઘણી સારી લાગી. આ જ્ઞાનમાર્ગમાં બાબા સાથે યોગ કરવો એ સારું લાગતું હતું. જ્ઞાનમાં ચાલતાં ત્રણ ચાર મહીના થયાને મને સાક્ષાત્કાર થવા લાગ્યા. મારો ટ્રાન્સ ( સંદેશી )નો પાર્ટ તે વખતે શરૂ થયો હતો. એક બાજુ શિક્ષણ હતું બીજી બાજુ સેવા હતી અને ત્રીજી બાજુ ટ્રાન્સનો પાર્ટ હતો.

### આત્મિક અભ્યાસ - જીવનનું ફાઉન્ડેશન

બાબા મને કેટલીય સેવાઓ આપતા હતા. નાની ઉંમરની કુમારી હોવાના કારણે બડી દીદી ( મનમોહિનીજી ) મને કહેતાં હતાં કે હંમેશાં પોતાને જગતમાતા સમજો તો કોઈ પણ પ્રકારની, કોઈની દૃષ્ટિ આપના ઉપર જશે નહીં. તમે સુરક્ષિત રહેશો. આમ તો મારી સામે કોઈ સમસ્યા આવી નથી પરંતુ ક્યારેક એકલાં પણ જવું પડતું. રાત્રે મોડા સેવાકેન્દ્ર ઉપર આવવું પડતું હતું. યા અચાનક મધુવનમાં બાબાનું નિમંત્રણ આવે તો તરત જ રીઝર્વેશન વગર જવું પડતું હતું. એ સમય મારા મનમાં એ ભાવના રહેતી હતી કે હું ‘જગત અંબા’ છું. એકવાર મધુવનમાં જર્નાલિસ્ટ આવવાના હતા તો બાબાએ ફોન કર્યો, બેટી, મધુવન આવી જાઓ. મેં સ્ટેશન ઉપર જઈને

રીઝર્વેશન કરાવી લીધું. કંપાર્ટમેન્ટમાં છ લોકો માટે બર્થ હોય છે એમાં પાંચ ભાઈ હતા જે અન્ય ધર્મના હતાં એમાં એક જ સીટ ખાલી હતી જે મને મળી હું ત્યાં જઈને બેસી. જ્યારે ગાડી ઉપડી તો ખ્યાલ આવ્યો કે આ એક જ બહેન છે. મેં વિચાર્યું છે કે બાબાએ જ જ્ઞાન આપ્યું છે એનો પ્રયોગ અને પરીક્ષણ કરવાનું છે. હું બારી પાસે બેસીને આત્મિક સ્થિતિનો અભ્યાસ કરવા લાગી કે હું એક શુધ્ધ આત્મા છું. આ પણ આત્મા છે. સૌ પરમાત્માનાં સંતાન છે. થોડા સમય પછી ટી.ટી.ઈ. ટિકિટ જોવા આવ્યા. તો એણે એ ભાઈઓને કહ્યું આ બહેનને બીજી સીટ આપો. એમની પાસે જે પાસ હતો તે માંસાહારીનો હતો. એમણે બીજી જગ્યાએ જઈને ભોજન લીધું. ત્યારે મેં એ અનુભવ્યું કે જ્યારે કોઈ પણ ગમે તેવું વાતાવરણ હોય તો એવું લાગે કે વિરોધ થઈ શકે છે, તકલીફ થઈ શકે છે ત્યારે અંદરમાં એકદમ આત્મિક સ્થિતિનો અભ્યાસ કરો. બાબાને યાદ કરીએ તો વાયબ્રેશનમાં પરિવર્તન આવી શકે છે. આજ સુધી પણ હું આ વાતનો પ્રયોગ કરું છું. બાબા કહે છે સદા શુભભાવના અને શુભકામના રાખો. જ્યારે આપણો શુભભાવના અને શુભકામનાનો અભ્યાસ હશે ત્યારે જ તે કરી શકીશું. આત્મિક અભ્યાસને મેં મારા જીવનનો પાયો બનાવ્યો છે.

એના પછી બાબાએ મને એક મોટા સેવાકેન્દ્રની નિમિત્ત બનાવી. જે દિલ્હીના સાઉથ એક્સટેન્શન વિસ્તારમાં હતું. એ સમયે કેટલીયે પરિસ્થિતિઓ આવતી હતી કેટલાક વિરોધી-ભાવવાળા, વિકાર ભાવવાળા આવતા હતા પરંતુ સેવાકેન્દ્ર ઉપર આવતાં એમનો ભાવ બદલાય જતો હતો. એકવાર એક વ્યક્તિએ અનુભવ સંભળાવ્યો કે હું અમુક ભાવથી આવ્યો હતો. પણ આપના સેવાકેન્દ્રના વાતાવરણે મારું મન બદલી દીધું. સેવા માટે બાબા મને અનેક સ્થાનો પર મોકલતા હતા.

## દરેક સ્થળે લોકોનો સહયોગ મળ્યો

જ્યારે બાબાએ મને વિદેશ સેવા માટે મોકલી તે વખતે વિદેશોમાં એટલાં સેવાકેન્દ્રો નહોતાં. મારે હોટલોમાં રહેવું પડતું હતું. શરૂઆતથી આત્મિક ભાવમાં રહેવાનું વરદાન તો મળ્યું હતું પણ હોટલોનું વાતાવરણ દૂષિત હોય છે. આવા વાતાવરણમાં ઘણું યોગયુક્ત રહેવું પડતું હતું. એક વાર મારે સિંગાપુર જવાનું થયું. ત્યાં એક મોટું સંમેલન થઈ રહ્યું હતું. ત્યાં સ્વામી સચ્ચિદાનંદ આવવાના હતા. તેઓ બાબાને ઓળખતા હતા. સિંગાપુરમાં સ્વામીજીના ઘણા બધા શિષ્યો હતા. તેઓ સ્વામીજી માટે મોટી માત્રામાં ફળ શાકભાજી મોકલતા હતા તેઓ એમના શિષ્યોને કહેતા હતા કે તમે બ્રહ્માકુમારી પાસે જાઓ.

એક દિવસમાં જ તે તમને જ્યોતિનાં સાક્ષાત્કાર કરાવી દેશે. કહેવાનો મતલબ એ છે કે હું જ્યાં ગઈ ત્યાં લોકોનો મને સહયોગ મળ્યો.

## બાબાની તરફથી મળ્યો સ્પષ્ટ ઈશારો

બાબાના અવ્યક્ત થયા બાદ મને કહેવામાં આવ્યું તમે લંડન જાઓ. મારે લંડનને બદલે જર્મની જવાનું થયું. એક વાર અવ્યક્ત બાપદાદાને મળતી વખતે મારા માટે બાબાએ મહાવાક્ય ઉચાર્યાં હતાં. 'જ્યાંથી પણ નિમંત્રણ આવે છે. ત્યાંના લોકો સારા છે કે નહીં એ જાણવા માટે આપના મનમાં એક ઘંટડી વાગશે જેમ કે બાબા તરફથી ટેલીફોન આવે છે. જતાં પહેલાં તમે બાબાને મનથી ફોન કરશો તો બાબા આપને માર્ગદર્શન આપતા રહેશે.' જ્યારે હું ન્યૂયોર્કમાં હતી ત્યારે ત્યારે મને એક નિમંત્રણ મળ્યું. એમણે કહ્યું કે ઘણો મોટો

(અનુસંધાન પેજ નં. 27 પર)

# પૂર્વજન્મના સંચિત કર્મોએ ફરિસ્તા બનાવ્યાં

બી.કે. જયંતીબેન, લંડન



રાજયોગિની બી.કે. જયંતીબેન એક વરિષ્ઠ રાજયોગ શિક્ષિકા તથા આધ્યાત્મિક નેતા છે. આપનો જન્મ ભારતમાં થયો પણ શિક્ષણ અને પાલના લંડનમાં થઈ. ઓગણીસ વર્ષની વયે જ ઈશ્વરીય જીવન જીવવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો. સ્વયંને ઈશ્વરીય સેવામાં સમર્પિત કરી દીધાં. સમગ્ર વિશ્વમાં ભ્રમણ કરતાં ભારતીય સંસ્કૃતિ તથા માનનીય મૂલ્યોને ઉત્તેજન આપવા હમેશાં લોકોને મદદરૂપ બની રહ્યાં. એમના જીવનની સોનેરી પળો એમના જ શબ્દોમાં...

## સાત વર્ષની ઉંમરમાં જ્ઞાનનું બીજ પડ્યું.

મારાં દાદીનો મારા જીવનપર બાળપણથી જ ઘણો પ્રભાવ પડ્યો. દાદીમા વિશ્વાસ, શ્રધ્ધા અને સમર્પણથી ભરપૂર હતાં. માત્ર ઈશ્વર પ્રત્યેજ નહીં પણ પાડોશીઓ, સમાજના અન્ય લોકોની સમયાનુસાર ખૂબ સેવા તથા મદદ કરતાં હતાં. સાત વર્ષની ઉંમરમાં હું પ્રથમવાર દાદી જાનકીજીને મળી. પૂનામાં દાદી અમારા ઘેર આવ્યાં હતાં. મારા દાદાજી અને દાદીજીને બ્રહ્માકુમારી સંસ્થાના જ્ઞાનની જાણકારી આપતાં હતાં. હું સાંભળતી નહોતી પણ ઓરડામાંથી એમને જોઈ રહી હતી. મારો આઠમો જન્મદિવસ પૂના સેવાકેન્દ્રમાં ઉજવવામાં આવ્યો. હું એને એટલું ભાગ્યશાળી માનું છું કે મેં વર્તમાન જન્મમાં તો કોઈ પુરુષાર્થ કર્યો (નહોતો પણ મારા પૂર્વ જન્મના સંચિત કર્મો એ જ મને ફરિશ્તા રૂપનાં બે ઉદાહરણો આપ્યાં. એમાંથી એક છે બ્રહ્મા બાબા અને બીજાં છે દાદી જાનકીજી. બ્રહ્માબાબાને મારા જન્મ દિવસ પછી થોડા દિવસોમાં જોયા.

## બ્રહ્માબાબા આધ્યાત્મિક પિતા હતા

એમનું વ્યક્તિત્વ રાજા જેવું હતું. તેઓ આધ્યાત્મિક પિતા હતા. પહેલાં તો હું ડરી પણ પછીથી એમની નજીક જઈને સમીપતાનો અનુભવ કરવા લાગી. એમણે મને જે કહ્યું તે તો મને યાદ નથી પણ એ મુલાકાતનો મારા ઉપર ઊંડો પ્રભાવ પડ્યો. સને 1957માં હું પહેલીવાર લંડન ગઈ. હું ભારતમાં દાદી જાનકીજી દ્વારા રાજયોગ શીખી હતી. મને જણાવવામાં આવ્યું કે પિતા પરમાત્માનું રૂપ જ્યોતિર્બિન્દુ છે. મેં આ વાત ઉપર સહજ રીતે વિશ્વાસ કરી લીધો. લૌકિક માતાજીએ તો ભારતમાં સંપૂર્ણ ઈશ્વરીય જ્ઞાન મેળવ્યું હતું. મેં જોયું કે માતાની ઈશ્વરીય લગન, શિસ્ત, સાહસ અને અભ્યાસ પ્રત્યેની દૃઢતા સહજા સ્મૃતિમાં આવે છે. સવારે તેણી ચાર વાગે ઉઠી જતી હતી અને મને પણ પોતાની સાથે રાજયોગના અભ્યાસ માટે પ્રેરણા આપતી હતી. હું એને પ્રસન્ન કરવા માટે સાથ આપતી હતી.

## માનવતાની સેવામાં જોડાઈ જવાનો સંકલ્પ

જેમ જેમ મારું શિક્ષણ આગળ વધતું ગયું, હું મારી ચારે બાજુની દુનિયાને જાણવામાં રુચિ લેવા લાગી. જ્યારે મારી 12 વર્ષની ઉંમર થઈ ત્યારે મેં માતાજીની સમક્ષ ઈચ્છા વ્યક્ત કરી કે હું રાત્રે 9.00 વાગે યોગ કરવાને બદલે સમાચાર જોવાનું પસંદ કરીશ. મમ્મીએ રાજયોગના અભ્યાસ માટે મારા ઉપર કોઈ જબરદસ્તી કરી નહોતી. તેણી

જાણતી હતી કે પુત્રીમાં જ્ઞાનનું જે બીજ પડેલું છે તે અવિનાશી છે. સન 1964માં હું પાછી ભારત આવી. તે સમયે મુંબઈમાં જોરદાર વરસાદ પડતો હતો એરોડ્રામથી શહેરમાં જતાં મેં જોયું કે લાકડાની બનેલી ઝૂંપડીઓ જમીનદોસ્ત થઈ ગઈ હતી. કેટલાયે લોકો ઝૂંપડાવાસીઓને બચાવવા લાગ્યા હતા. ગરીબીનાં આ સહન કરી ન શકાય તેવાં દૃશ્યો જોઈને બીજા દિવસે અમે પૂના ગયાં. આ દૃશ્યોએ મારામાં ગડમથલ જન્માવી તેથી તે ક્ષણે જ મેં નિશ્ચય કર્યો કે મારું જીવન માત્ર મારા માટે નથી. જીવનને માનવતાની સેવામાં જોડવું જોઈએ.

## બ્રહ્માબાબાને મળવાની ઈચ્છા થી

આધ્યાત્મિકતામાં એટલી રુચિ ના હોવા છતાં મને ફરીવાર બાબાને મળવાની ઈચ્છા થઈ. બાબાને મળવા જવા તૈયાર થઈ. જેવી હું મધુવનના મહાદ્વારે પહોંચી તો મને લાગ્યું કે મેં બહારનો સંસાર છોડી દીધો છે અને એકદમ નવા સંસારમાં આવી ગઈ છું. આ અંતરાત્માની અનુભૂતિ છે. બાબાએ એક યુવાન કન્યાને મારી સાથી બનાવી દીધી. અમે બંને પર્વત પર ફરવા જતાં હતાં અને પરસ્પર જ્ઞાનની ચર્ચા કરતાં હતાં. હું મધુવન (પાંડવભવન, માઉન્ટ આબુ) છોડવા ઈચ્છતી નહોતી. પણ લાંબા સમય સુધી અહીં રહેવું અસંભવ હતું. મધુવન છોડતી વખતે મને લાગ્યું કે મેં મારું દિલ અહીં છોડી દીધું છે. મધુવન મને સ્વર્ગ જેવું લાગ્યું. ત્યાંથી નીકળતાં મને લાગ્યું કે હું નરકમાં જઈ રહી છું.

## અશરીરી બનવાનો અનુભવ થયો

1967માં મેં વિદ્યાલયમાં પ્રવેશ કર્યો. એક દિવસ હું ઘણા સુંદર સભાગૃહમાં બેસી છું. રસાયણવિજ્ઞાનના પ્રોફેસર બોર્ડ ઉપર ફોર્મ્યુલા લખી રહ્યા હતા. ત્યારે અચાનક મને લાગ્યું કે હું બીજા સ્થાન પર છું. ત્યાંથી હું સ્વયંને જોઈ રહી હતી. મેં સ્વયંને પૂછ્યું કે હું અહીં શા માટે છું ? મારો અહીં હોવાનો ઉદ્દેશ્ય કયો છે ? એ સ્થિતિમાંથી બહાર આવવા મેં શરીરને હલાવ્યું. પ્રોફેસરે લખેલી ફોર્મ્યુલા મારી નોટબુકમાં બીજીવાર લખવાનો પ્રયાસ કર્યો. બહાર આવીને સ્વયંને જોવા લાગી કે આ અનુભવ એટલે શક્તિશાળી હતો કે વારંવાર એ મનમાં આવતો રહ્યો. તે વખતે લાગ્યું કે લંડન અને સમગ્ર વિશ્વમાં સમાજ ઘણી ઝડપથી બદલાય રહ્યો છે. નવી હવા વહી રહી છે. મેં આ વાત મારા પિતાને જણાવી.

## અનુભવ

ભારતયાત્રા દરમિયાન હું મમ્મા (માતેશ્વરી જગદંબા સરસ્વતી)ને મળી. જે સમગ્ર માનવજાતિની આધ્યાત્મિક મા છે. આ મારા માટે ઘણો સુંદર અનુભવ હતો. એમના રુહાની વ્યક્તિત્વનો મારા ઉપર ગહન પ્રભાવ પડ્યો હતો. એમનો પ્રેમ અસીમ હતો. એ દિવસોમાં મમ્માને કેન્સર થયું હતું. કેન્સરના રોગની અસહ્ય પીડા વચ્ચે એમનો ચહેરો પ્રકાશથી ચમકતો હતો. રોગનો કોઈ પણ પ્રભાવ એમના ચહેરા પર દેખાતો નહોતો. 1965માં શાળાએથી આવીને જોયું તો મા યોગ કરી રહી હતી. હું એની પાસે બેસી ગઈ. માતાજી એ વખતે ગહન સાધનામાં તલ્લીન હતી. તેણીએ મને કહ્યું કે મમ્માએ શરીર છોડ્યું છે.

॥ ઓમશાંતિ ॥

- **જ્યારે સૌનું લક્ષ્ય સંપૂર્ણ અને સંપન્ન બનવાનું છે, તો નાની નાની વાતોમાં ગભરાશો નહીં.**
- **સર્વની દુઆઓનો ખજાનો મેળવી સંપન્ન બનો તો પુરુષાર્થમાં મહેનત કરવી પડશે નહીં.**

# બાબાએ કહ્યું, બેટી પોતાનો નિર્ણય પોતે જ કરશે

બી.કે. રાજબેન, મંગલવાડી, વડોદરા



મારો લૌકિક જન્મ સન 1947માં બ્રાહ્મણ પરિવારમાં અંબાલાની પાસે ડેરાબસ્સી ગામમાં થયો. લૌકિકમાં અમે ત્રણ બહેનો અને ભાઈ. પિતાજીની દિલ્હીમાં સરકારી નોકરી હતી. 1958માં અમને દિલ્હીના સરોજિનીનગરમાં સરકારી મકાન મળ્યું. 1958માં જ્યારે અમે તડકામાં બેઠાં હતાં ત્યારે એક વૃધ્ધ માતા આવી. એક કાગળ હાથમાં લઈને સંભળાવવા લાગી કે ભગવાન આવી ગયા છે. આ તેમની મુરલી છે. આપ સૌ જ્ઞાનનો કોર્સ કરવા આવજો. સેવાકેન્દ્ર સામેજ છે. સેવાકેન્દ્ર અમારા ઘરની સામે હતું તેથી લૌકિક માતા ત્યાં જવા લાગી. એણીએ પિતાજીને આ વિશે જણાવ્યું. પિતાજી સેવાકેન્દ્ર ઉપર ગયા તો તેમને પણ જ્ઞાન સારું લાગ્યું. એ સમયે મારી ઉંમર 12 વર્ષની હતી. માતાપિતાની સાથે અમે ચારે બહેન-ભાઈઓ જતાં હતાં. અમને યોગ કરવાનું સારું લાગતું હતું.

### અમરનાથમાં અમર પ્રકાશ

માતા-પિતાની જ્ઞાન, બાબા પ્રત્યેની લગન, રુચિ તથા સેવાભાવના કારણે લૌકિક પિતાને જલદીથી મધુવન (પાંડવભવન, માઉન્ટ આબુ) જવાનું સદ્‌ભાગ્ય મળ્યું. જ્યારે તેઓ પાછા ફર્યા ત્યારે એમને સારો અનુભવ થયો હતો. જ્યારે તેઓ બાબાને મળ્યા, એમની ગોદ લીધી ત્યારે સાકાર બાબાએ પૂછ્યું તમારું નામ શું છે ? પિતાજીએ કહ્યું અમરનાથ. બાબાએ કહ્યું, આજથી તમારું નવું નામ અમરપ્રકાશ છે. બીજું બાબાએ એમના કાનમાં કહ્યું, તમારે પાંડવસેના બનાવવી છે ? તેઓ વિચારમાં પડી ગયા કે પાંડવસેના કઈ રીતે બનાવું ? એવામાં સરોજિની-નગરનું સેવાકેન્દ્ર ત્યાંથી બદલાઈને અમારા ઘરમાં આવી ગયું.

### ચાર બાળકોવાળી મા

બાળપણમાં મને વિચારો આવતા હતા કે ભગવાન કોણ છે ? અને કેવા છે ? બીજું મારે મારું જીવન બીજાઓ કરતાં કાંઈક જુદુ જ બનાવવું છે. જેમાં સેવા-સહયોગથી સેવા કરવી છે. તે રસ્તો પણ બાળપણમાં મળી ગયો. એ વાતાવરણે મને ઉચિત દિશા આપી. લૌકિક પરિવારને લઈને પિતાજી ફરીથી મધુવન ગયા. જેવા અમે પરિવાર સહિત પાંડવભવનમાં દાખલ થયાં ત્યારે એવું લાગ્યું કે કોઈ ચુંબકીય શક્તિ અમારા ઉપરથી જઈ રહી છે. એવું લાગ્યું કે અમે ધરતી ઉપર જ નથી. ત્યાંનું વાતાવરણ ઘણું જ અદ્‌ભુત હતું. એક ઝલકમાં બાબાને જોયા. પછી તો સાંજે 5.30 વાગે ઈશુદાદીની ઓફિસના હોલમાં જ પ્યારા બાબા સાથે મુલાકાત થઈ. એ સમયે 35 ભાઈઓ-બહેનો યોગ અવસ્થામાં બાબાની સામે બેઠાં હતાં. સૌ ધીરે ધીરે પ્રથમ મમ્માની અને પછી બાબાની ગોદમાં જવા લાગ્યાં. જ્યારે મા મળવા ગઈ તો બાબાએ પૂછ્યું, બેટી, તારું નામ શું છે ? માતાએ કહ્યું શાંતિદેવી. બાબાએ પૂછ્યું, કેટલાં બાળકો છે ? માતાએ કહ્યું ચાર. બાબાએ કહ્યું બેટી, તું યોગિની છું. જ્યારે બાબાને મળતી તો બાબા કહેતા ચાર બાળકોવાળી માતા. બાબાએ કહ્યું, બેટી, બાબા તમારી પાસેથી ઘણી સેવા લેશે.

## લૌકિક જીવન ભૂલાવા લાગ્યું

પછી જ્યારે બાબાને મળી તો બાબા બોલ્યા, આ બેટી પોતાનો નિર્ણય પોતાની જાતે જ કરશે. મેં એવું વિચાર્યું હતું કે મારે મારું લૌકિક ઘર છોડવું નથી. મને ભણવામાં રસ હતો. હું મારો અભ્યાસ પૂર્ણ કરીને શિક્ષિકાનું કામ કરતી હતી. બાબાને મળીને અમારા સૌના ઉપર અલૌકિક છાપ પડવા લાગી. લૌકિક જીવન ભૂલવા લાગ્યું. બાબાની યાદ આવવા લાગી. મનમાં એવું થતું હતું કે બસ બાબાને જ જોતી રહું. બાબાનું રુહાનિયતભર્યું વ્યક્તિત્વ ખેંચતું હતું. હું વિચારવા લાગી. એવું લાગ્યું કે મને મારું કોઈ મળ્યું છે. આટલી નાની ઉંમરમાં એવો પ્રભાવ મારા ઉપર પડ્યો હતો. મને એવું લાગ્યું કે બાબા જેવું બીજું કોઈ જ નથી. બાબાના મુખમાંથી કોઈપણ ઈશ્વરીય સંતાન માટે જે શબ્દો નીકળતા હતા તે સાકાર થતા હતા.

## વહેતી નદી બનવાનું છે

1962માં મમ્મા દિલ્હી આવ્યા. ત્યારે મમ્મા નિમિત્તે ઘણો મોટો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મમ્મા સૌના મનને હળવું કરતાં હતાં. મમ્માનાં યોગયુક્ત નયનો સૌને પોતાની તરફ ખેંચી લેતાં હતાં. તેઓ દરેક કાર્ય રેગ્યુલર, એક્યુરેટ અને એક્ચ્યુઅલ હતાં. એમની કથની અને કરણી એક હતી. કોઈ પોતાના પ્રશ્નોનો બોજ લઈને મમ્મા પાસે આવતાં તો તેઓ એ બોજ ભૂલી જતાં હતાં. એવો પ્રભાવ મમ્માની રુહાની શક્તિનો પડતો હતો. આવાં હતાં મીઠાં પ્યારાં મમ્મા. બાબા-મમ્મા સદા એ જ શિક્ષણ આપતાં હતાં કે વહેતી નદી બનવાનું છે. એનો અર્થ છે સદા બેહદમાં રહેવાનું છે. ડ્રામા અનુસાર બ્રહ્માકુમારી બનવાનો નિર્ણય 1975માં દીદીના વિશેષ કહેવાથી કર્યો. એમણે મને હદમાંથી નીકળી બેહદમાં જવાની પ્રેરણા આપી. એમનાં મહાવાક્યોએ મને પ્રેરણા આપી. મારા પરિવારનો મને સાથ હતો. બંધનનું નામોનિશાન હતું નહીં. એક જ પળમાં ‘હાજી’ કહી દીધું. મધુવનમાં આવી. ગુજરાતમાં ભિન્ન ભિન્ન સ્થળોએ ગઈ. પછી ગામદેવી, મુંબઈમાં દોઢ વર્ષ સેવા કરી. 27 માર્ચ, 1977 થી હું મંગલવાડી, વડોદરા સેવાકેન્દ્ર ઉપર સેવા આપું છું.

**॥ ઓમશાંતિ ॥**

---

(પેજ નં. 23નું અનુસંધાન)... **બાબાનું વ્યક્તિત્વ**

પ્રોગ્રામ છે તમે આવો. જે પ્રકારે તેઓ કહી રહ્યા હતા ઘણો મોટો પ્રોગ્રામ છે એ વાતમાં મને શંકા થઈ રહી હતી. એમના સિધ્ધાંત અને આપણા સિધ્ધાંત મળતા નહોતા. તો આપણે શા માટે એમાં ભાગ લઈએ ? સૌએ કહ્યું કે આ ઘણી સારી તક છે. તમારે જવું જોઈએ. બપોરનો સમય હતો. જતાં પહેલો હું થોડો વિશ્રામ કરી રહી હતી. એ સમયે મને અંદરથી ઘણું સ્પષ્ટરૂપે મને એવો અનુભવ થવા લાગ્યો કે બેટી, સૌને સેવા કરવા માટે મોકલો પણ તું જઈશ નહીં. એ સમયે હું વિચારવા લાગી કે લોકોને કઈ રીતે કહું કે હું આવતી નથી. તેઓ કહેશે કે બહેનજીએ પ્રોગ્રામ બદલી દીધો. પછી મેં એમને કહ્યું કે તમે થોડા સમય પહેલાં ચાલ્યા જાઓ. તમને જો ઉચિત લાગે તો મને ફોન કરી દેજો. હું આવી જઈશ. જ્યારે તેઓ ત્યાં ગયા તો આર્થિક, રાજનૈતિક વિષયોની વાતો ચાલી રહી હતી. તો આપણા ભાઈ બહેનોએ ફોન કર્યો કે તમે આવશો નહીં. અમે અહીં છીએ તેથી સંદેશ આપી દઈશું. આ રીતે બાબા તરફથી ઈશારા મળવાનો મને અનુભવ છે. **॥ઓમશાંતિ ॥**

# કેડ પ્રોગ્રામથી હૃદયરોગીઓને મળી રહી છે નવી જિંદગી

બી.કે. ડૉ. સતીશકુમાર ગુપ્તા (હૃદયરોગ વિશેષજ્ઞ) ટ્રોમા હોસ્પિટલ, આબુરોડ



જેવું મન તેવું તન - આ વાક્ય ઉપર વર્ષો સુધી સંશોધન કરીને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની મેડીકલ વીંગ દ્વારા એક એવી ટેકનીક વિકસાવી છે કે જેનાથી ડોક્ટર્સ પણ આશ્ચર્યમાં પડી ગયા છે. એને થ્રી ડાયમેન્શન હેલ્થ કેર પ્રોગ્રામ ફોર હેલ્ધી માઈન્ડ, હાર્ટ અને બોડી પ્રોગ્રામનું નામ આપવામાં આવ્યું છે. એના ઉપક્રમે હૃદયરોગીઓ માટે સમય સમય પર બ્રહ્માકુમારીઝના આબુરોડમાં આવેલા શાંતિવન સંકુલમાં ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવે છે. આબુરોડમાં આવેલ ગ્લોબલ હોસ્પિટલ, ટ્રોમા સેન્ટરના ડાયરેક્ટર તથા વરિષ્ઠ હૃદયરોગ વિશેષજ્ઞ ડો. સતીશકુમાર ગુપ્તાએ આધ્યાત્મિક સંશોધન કરીને એક એવી અદ્દ્ભુત અને ચમત્કારી પદ્ધતિનો વિકાસ કર્યો છે જે આજે હૃદય અને ડાયાબીટીસના રોગીઓ માટે વરદાન સાબિત થયેલ છે. એનો હેતુ હૃદયરોગીઓને બાયપાસ સર્જરી કર્યા વગર સાજા કરવામાં આવે છે. 1998માં શરૂ કરેલ આ કાર્યક્રમથી સાત હજારથી વધારે હૃદયરોગીઓ સાજા થયા છે. આ પહેલાં તેઓ દુઃખ, અશાંતિ અને બીમારીમાં પસાર થઈ રહ્યા હતા આજે તેઓ સુખમય, પ્રસન્ન જિંદગી જીવી રહ્યા છે.

### નેવું ટકા બ્લોકેજ પણ સામાન્ય થઈ ગયા

સૌથી મોટી વાત એ છે કે પ્રશિક્ષણ દરમિયાન, સાજા થવા સુધી આ સર્વને ‘ દિલવાલા ’ નામથી સંબોધવામાં આવે છે. એનું કારણ એ છે કે મેડીટેશન, સમતોલ તથા સાત્ત્વિક આહાર, વ્યાયામ અને પ્રશિક્ષણથી ફરીથી હજારો હૃદય રોગીઓનાં દિલ સામાન્ય લોકોની જેમ ધબકવા લાગ્યાં છે. સેંકડો એવા લોકો છે કે જેમના નેવું ટકા બ્લોકેજ દૂર થયાં છે. આ કાર્યક્રમમાં જોડાવાથી એમને બાયપાસ સર્જરી કરાવવી પડી નથી.

### ભોજન પર મૂડ નક્કી થાય છે.

જો વ્યક્તિને ભોજન સારું મળે તો મન ખુશ થઈ જાય છે. મનપસંદ ભોજનથી આપણો મૂડ બદલાય જાય છે. જેવો આપણો મૂડ હોય છે તેવું જ ભોજન આપણે કરીએ છીએ. જ્યારે આપણને કડવાશ લાગે છે. તો એને દૂર કરવા ગળ્યું ખાઈએ છીએ. સંબંધોમાં શુષ્કતા આવતાં તળેલું ખાઈએ છીએ. બોરીંગ થઈ ગયા હોઈએ ત્યારે ફરસાણ ખાઈએ છીએ. મેડીટેશન આપણને બધી જ અવસ્થામાં સ્થિર રહેતાં શીખવે છે.

### આ છે બીમારીઓનાં મુખ્ય કારણ

સર્વ શારીરિક અને માનસિક રોગોનું મૂળ છે તનાવ. એ સિવાય થોડું ખાન-પાન, મોડા સૂઈ જવું, મોડા ઉઠવું, નશાની ટેવ, ચા-કોફી, અનિયમિત દિનચર્યા, કામનો બોજો, ચિંતા, ડર, દુઃખ વગેરે કારણો પણ સામે આવ્યાં છે.

### સ્વસ્થ રહેવા માટે આ ટેવોમાં સુધારો કરો

સાત કિલો ઘંઉ, લોટમાં એક કિલો કાળા ચણા, એક કિલો સોયાબીન, દોઢ કિલો જવનું મિશ્રણ કરીને તે લોટની રોટલી ખાવાની સલાહ આપી. એના પહેલાં સોયાબીનને વીસ મિનિટ પાણીમાં ઉકાળીને, સૂકાયા બાદ તેને દળવું. એનાથી શરીરને માટે પ્રોટીન મળે છે.

હૃદયરોગીઓએ તળેલી ચીજો, વનસ્પતિ ઘી, ક્રીમ, માખણ, મલાઈયુક્ત દૂધથી બનેલી વસ્તુઓ પનીર, માંસાહારી ભોજન અને ઈંડાં ખાવા જોઈએ નહીં.

રોજ લીલાં શાકભાજી, અંકુરિત અનાજ, અંકુરિત દાળો, મેથી, ગુવારફળી અને સીઝનનાં ફળો ભોજનના ભાગ બનવાં જોઈએ.

વિટામીન 'એ' - ફળ ગાજર, પપૈયું, કેરી, વિટામીન 'બી' - આંબળા, જમરૂખ, વિટામીન 'સી' અંકુરિત અનાજ વગેરે.

ભોજન ચાવીને ખાઓ. ભોજન કરતી વખતે વાતચીત ના કરો. તે વખતે ટી.વી. પણ ના જુઓ કે અખબાર પણ ના વાંચો. વધારે પડતું મીઠું અને ખાંડ ના લેવી જોઈએ. કારણ કે તે અપ્રાકૃતિક છે.

આખા દિવસમાં બે ચમચીથી વધારે તેલનો ઉપયોગ કરશો નહીં. તળેલા તેલનો વધારે ઉપયોગ કરશો નહીં. વધારે રીફાઈન્ડ તેલ ના ખાશો. સોયાબીન, મકાઈ, સરસવ, રાઈના તેલનો ઉપયોગ કરો.

શાકભાજી અને ફળોને ખાતાં પહેલાં ઓછામાં ઓછું બે ત્રણ વાર સારા પાણીથી ધુઓ. પછીથી સ્વચ્છ કપડાથી લૂછો.

રાત્રે સોયાબીન પલાળો. સવારે મીક્ષ્ચર ચલાવીને 150 ગ્રામ પાવડર એક લીટર પાણીમાં નાખીને એને કાઢી લો. એનાથી નીકળેલા રસને ચાર વાર ઉકાળવાથી સોયાબીન દૂધ તૈયાર થઈ જશે. એનાથી શરીરને જરૂરી પ્રોટીન મળે છે.

(ખાસ નોંધ - આ લેખ વાંચીને કોઈ પોતાની મેળે શાંતિવન ના પહોંચે. પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું જે આપની નજીકનું સેવાકેન્દ્ર હોય ત્યાં નિમિત્ત બહેનને મળો. ત્યાંથી તમને સંપૂર્ણ માર્ગદર્શન મળશે. - તંત્રી)

**॥ ઓમશાંતિ ॥**

# વાહ રે બાબા વાહ !

## બ્ર.કુ. વસંતભાઈ અખાણી, રાપર (કચ્છ)

હું 1984થી આ જ્ઞાનમાં ચાલું છું. મને ગયા વર્ષે, એક વર્ષથી મોઢામાં ગાલની નસમાં અસહ્ય દુખાવો થતો હતો. હું ઘણા ડોક્ટરની પાસે ગયો. બધાની પાસે નિદાન કરાવડાવ્યું. ડોક્ટર એવું કહેતા હતા કે આ દર્દ બિલકુલ મટી જશે એવું માનવું નહીં. આની દવા માત્ર પેઈન મેનેજમેન્ટ કરશે. આ દર્દથી હું ઘણો કંટાળી ગયો હતો. ડોક્ટરનું કહેવું હતું કે ઓપરેશન તો કરીશું પણ તે ઘણું જોખમી છે. આ વાત સાંભળીને રાપર સેવાકેન્દ્રનાં બ્રહ્માકુમારી સરોજબેનને આ વાત કરી. સરોજદીદીએ મને કહ્યું કે રોજ નિયમિત રીતે, નક્કી કરેલા સમયે 21 દિવસનો યોગ કરો. મેં નિયમિત રીતે 21 દિવસનો યોગ કર્યો. દર્દમાં થોડો ફાયદો થયો. પછી મનમાં મૂંઝવણ હતી કે ઓપરેશન કરાવું કે ના કરાવું ? ઓપરેશન જોખમી હતું. સરોજદીદીએ કહ્યું કે ચાલો, બાબા સમક્ષ પત્ર મૂકીએ. બાબાએ હા પાડી. પછી હું હોસ્પિટલ જવા તૈયાર થઈ ગયો. ઓપરેશન થીયેટરમાં જઈને કહ્યું કે બાબા તમે મારી સાથે રહેજો. મારું ઓપરેશન સરળતાથી થઈ ગયું. આજે મને ઘણું સારું છે. આજે હું ઘણા આનંદથી સેવાકેન્દ્રમાં આવું છું. શુક્રિયા બાબા શુક્રિયા આપકા પદ્માપદ્મ શુક્રિયા. **॥ ઓમશાંતિ ॥**

# એકાગ્રતાની શક્તિથી જેવા ઈચ્છો છો તેવા બની શકો છો.

બ્ર.કુ. ડૉ. સચિન, યોગ વિશેષજ્ઞ, માઉન્ટ આબુ

પ્રાચીનકાળથી મનને સાધવા માટે આપણા ઋષિમુનિથી લઈને સાધુ સન્યાસી અને તપસ્વી કઠોર સાધના કરતા હતા. દરેકે પોતાની અનુભૂતિની ગહનતાથી સિદ્ધાંત બનાવ્યા. લોકોને માર્ગદર્શન આપ્યું. જો સર્વના અનુભવો અને સિદ્ધાંતોનો સાર કાઢવામાં આવે તો મનને સુમન, શક્તિશાળી એક માત્ર 'એકાગ્રતાની શક્તિ'થી જ બનાવી શકાય છે. આ શક્તિને પોતાના જીવનમાં વધારવા માટે કે આપણે કેટલાક મૂળભૂત સિદ્ધાંતોને અપનાવવા પડશે, પછી જુઓ કે આપે આપના જીવનમાં જે સ્વપ્નો જોયાં છે એને સાકાર થતાં કોઈ રોકી શકશે નહીં.

લેખક સચિનના મત અનુસાર આધ્યાત્મિક માર્ગ પર ચાલનારાઓ માટે એકાગ્રતા જરૂરી છે. રાજયોગ મેડીટેશનના ઉચ્ચસ્તર (વિદેહી) પર પહોંચવા ઈચ્છો છો તો એના માટે એકાગ્રતાની શક્તિને હથિયાર બનાવવું પડશે. આ વાત જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં લાગુ પડે છે. એક વાર સ્વામી વિવેકાનંદે કહ્યું કે 'જો મારે મારું બધું જ શિક્ષણ ફરીથી લેવું હોય તો સૌથી બે ચીજો ઉપર માસ્ટરી (નિપૂણતા) મેળવીશ. એક એકાગ્રતા અને બીજું પરમાત્મા સાથે જોડાણ.' આ વાત અબ્રાહમ લિંકન દ્વારા પણ કહેવામાં આવી છે કે જો તમને વૃક્ષ કાપવા માટે છ કલાક આપવામાં આવે, તો તમે શું કરશો ? આ બાબતે એમણે કહ્યું કે હું કુહાડીની ધાર કાઢવા માટે ચાર કલાક કાઢીશ પછી સહેલાઈથી વૃક્ષ કાપી શકીશ. અહીં એક વાત સામે આવે છે કે મનની એકાગ્રતા જ સર્વ શક્તિઓનું મૂળ છે.

### કોઈપણ કર્મ હોય તેમાં ખોવાઈ જાઓ.

આપણે આપણી દિનચર્યામાં સવારથી શરૂ કરીને રાત્રિ સુધી જે કર્મો કરો તેમાં ખોવાઈ જાઓ. તેમાં સંપૂર્ણ એકાગ્રતા મેળવો. પછી તે મેડીટેશનનો અભ્યાસ હોય, યા દૈનિક કાર્ય. વિસ્તારને સારમાં લાવી દેવો અને સારનો જ્ઞાનથી વિસ્તાર કરવો. બંનેમાં એકાગ્રતા હશે તો એક સેકંડમાં અશરીરી અવસ્થા બની જશે.

### એકાગ્રતાના પાંચ ફાયદા

શરીરની સાધના પણ સાધના છે. જ્યારે આપણે દેહને સાધીશું ત્યારે મનનો સાથ મેળવી શકશો. પોતાનું મન એક પરમાત્મા ઉપર એકાગ્ર કરો તો અન્ય સર્વ રસોની તરફ ધ્યાન જશે નહીં.

### નિર્વિઘ્ન

જ્યારે આપણું મન પરમાત્માની સાધનામાં લીન થાય છે તો વિઘ્ન એની મેળે સમાપ્ત થઈ જશે.

### ફરિશ્તા સ્થિતિનો અનુભવ

આ સ્થિતિમાં આપણા મનના વિચારો સાકાર થાય છે. આપણે બેઠાં બેઠાં જ કોઈને કોઈ કાર્ય કરવાની પ્રેરણા આપી શકીશું.

### અચંચળ મન

જેનું મન એક પળ પણ થોભતું નથી એનામાં પણ એકાગ્રતા લાવી શકીશું.

### કોઈને પણ બોલાવી શકશો

મેડીટેશનમાં જ્યારે આપણે એકાગ્રતાની શક્તિથી કોઈપણ આત્માનું આવાહ્ન કરશો તો ટી.વી. સ્વરૂપ એને સ્પષ્ટ દેખાશે.

### એકાગ્રતા કેળવવાની વિધિ

● કોઈ કર્મ કરી રહ્યા છીએ તેજ આપણને દેખાય. બીજું કોઈ નહીં. ● કોઈને કોઈ સ્વમાનનો

એકાગ્રતાપૂર્વક અભ્યાસ કરવો. ● કમજોર સંકલ્પોને સમાપ્ત કરવા. પોતાના મનને શુદ્ધ સંકલ્પોથી સજાવો. ● સંકલ્પોના ફાઉન્ડેશનને મજબૂત બનાવવો. તે બનશે ચિંતનથી. ● એક જ પાટા ઉપર પોતાની ગાડી રાખો. ● મનમાં જે વ્યર્થ, કીચડ જેવાં વિકર્મો છે, દ્વેષ છે એને પરમાત્માને સોંપી દો. ● જીવનમાં સચ્ચાઇ અને સફાઇ લાવો. સમેટવાની શક્તિમાં વધારો કરો. આખા દિવસની દિનચર્યાનું પ્લાનીંગ કરો. વર્તમાન અને ભવિષ્યના સ્થાનને જુઓ. રોજ આ બધી કાર્યવાહી ઉપર ધ્યાન આપો. ॥ ઓમશાંતિ



**રાજયોગી બ્રહ્માકુમાર રોહિતભાઈ**

વલસાડ, ગુજરાત

જન્મ - 29 નવેમ્બર, 1948

બ્રહ્માકુમારી સંસ્થામાં 1971માં જોડાયા.

અવ્યક્ત આરોહણ - 18 ઓક્ટોબર, 2019

સીનીયર બ્રહ્માકુમાર રોહિતભાઈ ઓલ રાઉન્ડ સેવાધારી હતા. એડમીનીસ્ટ્રેટર વીંગમાં એમનું મહત્ત્વનું સ્થાન હતું. તેઓ નમ્ર હતા. બધા સાથે હળીમળી જતા હતા. તેમણે વલસાડ જિલ્લામાં મહત્ત્વપૂર્ણ સેવાઓ કરી. ઉદ્યોગપતિઓની સેવા કરી. જેના ફલસ્વરૂપે અતુલમાં સેવાકેન્દ્ર સ્થપાયું. તેમણે દેશ અને વિદેશોમાં ઈશ્વરીય સેવાઓ કરી હતી.

ગુજરાતની રુહાની ફૂલવાડી એમને હાર્દિક શ્રધ્ધાંજલિ પાઠવે છે.

# વીણેલાં મોતી

## સંકલન - બ્ર.કુ. ચંદ્રિકાબેન, મહાદેવનગર, અમદાવાદ

## સુવર્ણ જયંતી નિમિત્તેની ભેટ

### જીવનમાં સફળ થવા આટલું કરજો.

**લુક ફોરવર્ડ -** આગળ જુઓ, આગળ માટે જુઓ. આગળવાળા વડીલોએ શું કર્યું જેથી સફળ થયા તે જુઓ.

**બી પોઝીટીવ -** હકારાત્મક બનો. તે માટે વિચારો. જે થયું તે સારું થયું. જે થઈ રહ્યું છે તે સારું થઈ રહ્યું છે અને જે થશે તે સારું જ થશે.

**ગીવ કો-ઓપરેશન -** સહયોગ આપો. આપની પાસે મદદની અપેક્ષાએ આવનારને નિષ્કામ-ભાવે મદદ કરો.

**બી કમ એ ગુડ ડોનર -** શ્રેષ્ઠ દાતા બનો. પ્રેમ આપો, સન્માન આપો, ખુશી આપો, દુઆઓ આપો.

**બી મરસી ફુલ -** ક્ષમાવાન બનો, દયાળુ બનો. દુશ્મનને દયા આપી શકો તેવી ઉદારતા રાખો.

### જીવનમાં સફળ થવા આટલું ન કરશો.

**નોટ ટુ રીએક્ટ -** નાની-નાની વાતોમાં પ્રતિક્રિયા ન આપશો. શાંતચિત્ત અને ધૈર્યવત બનજો.

**નોટ ટુ રીજેક્ટ -** વ્યક્તિઓ પ્રત્યે તિરસ્કાર-ભાવ ન દાખવશો.

**નોટ ટુ રીપીટ -** અન્યની ખામીઓ, કમજોરીઓ તથા ભૂલોનું ભૂલથી પણ વર્ણન ન કરશો.

## દિવ્યદર્શન

# નવયુગ નિર્માતા - પિતાશ્રી બ્રહ્માબાબા

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

આપણો ઈતિહાસ પ્રમાણિત કરે છે કે આ વસુંધરા પર જ્યારે-જ્યારે દુ:ખ-અશાંતિના કાળાં વાદળો ઘેરાયાં છે અને માનવ પથભ્રષ્ટ, કર્તવ્યવિમૂઢ બન્યો છે. ત્યારે-ત્યારે સુખશાંતિના પથ-પ્રદર્શક આ વસુધા પર પોતાનું ભગીરથ કાર્ય કરવા માટે આવ્યા છે. સામાન્ય રીતે મનુષ્ય એ પથ-પ્રદર્શક વિશે જાણકારી ધરાવતો નથી. પોતાની આસપાસ વ્યાપ્ત ચેતન અને જડના અસ્તિત્વના પરસ્પર વ્યવહાર વિશે પણ તે અજ્ઞાન ધરાવે છે. પરંતુ કેટલીક એવી મહાન વિભૂતિઓ પણ થઈ ગઈ છે જેમના માટે કહેવાય છે કે તેઓ આ બધી જાણકારી ધરાવતા હતા, તે જ કારણે તેઓને મહાપુરુષ કે અલૌકિક પુરુષ તરીકે ઓળખવામાં આવે છે. મહાત્મા બુધ્ધ, સ્વામી દયાનંદ સરસ્વતી, મહાવીર સ્વામી, રામકૃષ્ણ પરમહંસ, ઈસુ ખ્રિસ્ત, મહંમદ પયગમ્બર વગેરે આવા અલૌકિક પુરુષ હતા. આ જ શ્રૃંખલાની એક કડી છે - **'પ્રજાપિતા બ્રહ્મા'** તેઓ પોતાના પૂર્વ જીવનમાં દાદા લેખરાજના નામથી ઓળખાતા હતા. અલૌકિક પુરુષોની બધી જ કસોટીઓમાંથી તેઓ પાર ઉતર્યા છે.

તેમનું જીવન વૃતાંત પરમાત્મ સત્તાના મનુષ્ય દેહમાં દિવ્ય અવતરણની અને ઈશ્વરીય કાર્યોને સંપન્ન કરવાની એક અદ્‌ભુત ગાથા છે. જેણે પુસ્તક સ્વરૂપે લાખો નર-નારીનાં જીવનમાં પરિવર્તન આણ્યું છે. આજે તેમના દ્વારા સ્થાપિત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના વિશ્વભરમાં ફેલાયેલાં સેવાકેન્દ્રોમાં નિયમિત લાખો નર-નારી ઈશ્વરીય જ્ઞાન અને સહજ રાજયોગના અભ્યાસ દ્વારા આધ્યાત્મિક પુરુષાર્થ કરીને પોતાનું જીવન મનુષ્યમાંથી દેવતા સમાન બનાવી રહ્યા છે. એ મહાન વિભૂતિ અને તેમનું મહાન કાર્ય એક સજીવ સ્મારક બનીને વિશ્વને આજે પણ આલોકિત કરી રહ્યાં છે અને તેમના દ્વારા અપાયેલ શિક્ષણ વિશ્વભરમાં ખ્યાતિ પ્રાપ્ત કરી રહ્યું છે.

હવે, પ્રશ્ન એ છે કે એ મહાન વિભૂતિ કોણ છે ? આ ઘટના 1936ની છે. હીરા અને ઝવેરાતના પ્રખ્યાત વેપારી દાદા લેખરાજ ઉદારદાની, સાધુ વૃતિવાળા, પ્રમાણિક અને ભક્તિ ભાવનાથી રંગાયેલ પુરુષ તરીકે ખ્યાતિપ્રાપ્ત હતા. તેમના ધંધાનો ખૂબ જ મોટો ફેલાવો હતો. કલકત્તા, મુંબઈ, કરાંચી અને હૈદરાબાદ (સિંધ) તેમના વેપારનાં મુખ્ય કેન્દ્રો હતાં. તેઓ શ્રી નારાયણના અનન્ય ભક્ત હતા અને શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો નિત્ય શ્રધ્ધાપૂર્વક પાઠ અચૂક કરતા. સત્સંગ અને પ્રભુ-ચર્ચા તેમજ અધ્યાત્મ-ચિંતનમાં તેમને વિશેષ રુચિ હતી. દીનદુ:ખીઓની સેવા પણ કરતા રહેતા.

ઈ.સ. 1936માં જ્યારે તેઓ 60 વર્ષના થયા. ત્યારે તેઓ વધુ અંતર્મુખી અને અનાસક્ત વૃત્તિવાળા થઈ ગયા. તેઓ વધુને વધુ પ્રભુ-ચિંતનના સુખદ આનંદમાં રમણ કરવા લાગ્યા. એક દિવસ જ્યારે તેઓ પોતાના હૈદરાબાદ (સિંધ)ના નિવાસસ્થાનના ખુલ્લા આંગણામાં થઈ રહેલ સત્સંગમાં બેઠા હતા. ત્યારે કોઈક શક્તિનું તેમને અદમ્ય ખેંચાણ થયું અને તેઓ સત્સંગમાંથી

ઉઠીને પોતાના ખંડમાં એકાંત અને શાંત સ્થિતિમાં બેઠા. બસ આ જ ક્ષણ તેમના જીવનમાં મહત્ત્વપૂર્ણ વળાંક લાવનારી સાબિત થઈ. જ્યારે તેઓ ચિંતનમાં ડૂબેલા હતા ત્યારે પરમપિતા શિવ પરમાત્માએ તેમની ઉપર અસીમ કૃપા વરસાવી. દાદા લેખરાજે શરીરથી વિમુક્ત આત્મિક સ્થિતિમાં સ્થિત થવાનો અને અપૂર્વ, અલૌકિક સુખનો અનુભવ કર્યો. તેમને એવું લાગ્યું કે આખો ખંડ પરમાત્માની ઉપસ્થિતિથી પ્રકાશિત થઈ ગયો છે. આ જ અનુભૂતિઓની વચ્ચે તેમને પરમપિતા શિવ પરમાત્માના આ મહાવાક્યોનો ધ્વનિ સંભળાઈ રહ્યો.

**નિજાનંદ સ્વરૂપમ્ શિવોહમ્ શિવોહમ્**
**જ્ઞાન સ્વરૂપમ્ શિવોહમ્ શિવોહમ્**
**પ્રકાશ સ્વરૂપમ શિવોહમ્ શિવોહમ્**

આ પછી અવારનવાર થઈ રહેલા સાક્ષાત્કારોમાં તેમણે એક સ્વર્ણિમ સંસારની અને કળિયુગી દુનિયાના ભયંકર વિનાશની ઝલક પણ મેળવી. તેમને એવો ભાસ થઈ રહ્યો હતો કે કોઈ અદૃશ્ય શક્તિ તેમને સતયુગી અનુપમ દૈવી સૃષ્ટિના સર્જનની ઈશ્વરીય યોજનાને સાકાર રૂપ આપવા માટે નિમિત્ત બનવાનું કહી રહી છે. તેમણે આ ઈશ્વરીય આદેશને સમજીને એક પવિત્રતમ અને સુખશાંતિ સંપન્ન સૃષ્ટિની સ્થાપનાને માટે પોતાનાં તન, મન અને ધનને સંપૂર્ણ રૂપે સમર્પિત કરી દીધાં.

જેમ સિદ્ધાર્થ મહાત્મા બુદ્ધ તરીકે ઓળખાયા, બાળક નરેન્દ્ર સ્વામી વિવેકાનંદ બન્યા, મૂળશંકર સ્વામી દયાનંદ સરસ્વતી નામ પામ્યા અને મોહનદાસ ગાંધી, મહાત્મા ગાંધી તરીકે પ્રખ્યાત બન્યા. તેમ પરમાત્મા શિવે દાદા લેખરાજને કર્તવ્યવાચક નામ આપ્યું 'પ્રજાપિતા બ્રહ્મા' તેમનું અનુસરણ કરનાર લાખો નર-નારી તેમને સ્નેહભાવથી બ્રહ્માબાબા કહીને સંબોધિત કરે છે.

બ્રહ્માબાબાએ જ્યારે પોતાના પાર્થિવ શરીરનો ત્યાગ કરીને અવ્યક્ત રૂપ ધારણ કર્યું ત્યારે તેમની ઉંમર 93 વર્ષની હતી પણ તે સમયે પણ તેમના ચહેરા પર એક અદ્ભુત તેજ અને અલૌકિક આભા હતી. તેમના સંપર્કમાં આવવા માત્રથી જ અનેક સંતાપગ્રસ્ત રાહતનો દમ લેતા, તેઓ પોતાનાં બધાં જ દુઃખોને ભૂલીને સુખ-શાંત-પવિત્રતા અને આનંદનો અનુભવ કરવા લાગતા. ત્યાગ, તપસ્યા અને સેવાની સાક્ષાતમૂર્તિ તેમજ શુદ્ધ શક્તિશાળી સંકલ્પોના સ્વામી બ્રહ્માબાબા દ્વારા જે શાંતિદાયક પ્રકમ્પનો વાતાવરણમાં ફેલાતા તેના પ્રભાવમાં હિંસક, વિકારી અથવા આસુરી વૃત્તિવાળો મનુષ્ય પણ શાંત, શીતળ તથા દૈવી સ્વભાવવાળો બની જતો. તેઓ કોઈ ભગવાનના અવતાર નહોતા અને ન કોઈ ગુરુ હતા. તેઓ નિરાકાર પરમપિતા પરમાત્મા શિવના સાકાર માધ્યમ હતા. તેઓ નિરાભિમાની હતા. સમર્પણમયતાનું જ્વલંત ઉદાહરણ હતા.

તેમના મુખારવિંદ દ્વારા પરમાત્માએ આધ્યાત્મિક ગૂઢ રહસ્યો સ્પષ્ટ કર્યાં. જે શ્રવણ કરીને તેઓ પોતે પણ અને અન્યો પણ અધ્યાત્મના પાવન પથ પર ચાલવા લાગ્યા. તેમણે અનેકોને પવિત્ર જીવન ગાળવાની પ્રેરણા આપી. તેમની દૃષ્ટિ જેની ઉપર પડતી, તે વ્યક્તિ આત્મિક સ્થિતિમાં સ્થિત થઈ જતી. તેઓ કોઈને પણ પોતાના ચરણસ્પર્શ કરવાની અનુમતિ આપતા નહીં. શ્રોતાઓ જ્યારે તેમની વાણી સાંભળતા ત્યારે તેમને બાબાના મુખમંડળ પર એક દિવ્ય જ્યોતિ દેખાતી. ભ્રૂકુટિમાં પ્રકાશમાન આત્મા પણ.

શિવબાબાની જ પ્રેરણાએ વિનાશકારી પ્રવૃત્તિઓમાં પોતાનો સમય અને શક્તિનો

દુરુપયોગ કરી રહેલ યુવાવર્ગને શિસ્તબધ્ધ બનાવ્યો. રચનાત્મક પ્રવૃત્તિઓમાં સેવારત કર્યા. રાજયોગી યુવાન સાદાઈપ્રિય, મર્યાદાપૂર્ણ અને સંયમી જીવન જીવવાનો અભ્યાસી બની જાય છે.

મહિલાઓ પણ આધ્યાત્મિક ક્ષેત્રે ઉન્નતિ કરે તે માટે બાબાએ વિશેષ રૂપે માતાઓ, બહેનો, કન્યાઓને નિમિત બનાવી અને તેમને જ આ આધ્યાત્મિક વિશ્વ વિદ્યાલયને વ્યવસ્થિત રૂપે ચલાવવાની જવાબદારી સોંપી. સદીઓથી અબળા, ભોગ્યા અને તિરસ્કારને યોગ્ય જેમને ગણવામાં આવતી એવી નારીઓને પ્રમુખ સ્થાન આપીને બાબાએ સમાજ સમક્ષ એક અદ્વિતીય ઉદાહરણ પ્રસ્તુત કર્યું. સમાજમાં જે નારી માટે એવો ભ્રમ હતો કે તે નર્કનું દ્વાર છે, તેને બાબાએ સ્વર્ગના સર્જન માટેની આધારશિલા બનાવી દીધી. વસુંધરા પણ આ મહાપુરુષને પામીને ધન્ય થઈ ઉઠી, જેણે કામ મહાશત્રુને પડકાર્યો. જેણે પવિત્રતા અને બ્રહ્મચર્યનો મંત્ર બધાના કાનમાં ફૂંક્યો. જેણે માનવતાને આધ્યાત્મિકતાનું બળ પ્રદાન કર્યું. જેણે નુમાશામના સમયે પોતાના ભૌતિક દેહનો ત્યાગ કરીને અવ્યક્ત વતનવાસી થયા. આજે પણ તેઓ અવ્યક્ત ફરિસ્તાના રૂપમાં વિશ્વસેવારત છે. સન્માનરૂપે તેમનું અનુકરણ અને અનુસરણ કરવું એ જ એ યુગપુરુષને શ્રધ્ધા-પુષ્પ સમર્પિત કરવા બરાબર છે.

ગીત -

પિતાશ્રી કા જીવન પઢ લો, જિન્હેં ફરિસ્તા કહતે હૈ.
આઓ, તુમ્હેં બતા દે તાકિ, ઈસે તપસ્યા કહતે હૈં..

# પ્રજાપિતા બ્રહ્માબાબાની સ્મૃતિમાં 1994માં ટપાલ ટિકિટ બહાર પડી




બ્રહ્માકુમારી સંસ્થાનનો પોતાની સ્થાપનાના સમયથી ઉદ્દેશ્ય સ્વપરિવર્તનથી વિશ્વ પરિવર્તનનો રહ્યો છે. એના કારણે આ સંસ્થા સાથે જોડાનારી વ્યક્તિ પહેલાં સ્વયં મૂલ્યોની ધારણા કરે છે. એના પછી બીજાઓને જીવનમાં મૂલ્યો અને આધ્યાત્મિકતા અપનાવવા ઉપર ભાર આપે છે. આ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની સ્થાપના વર્ષ 1937માં સિંધમાં (હાલ પાકિસ્તાન) સુપ્રસિદ્ધ હીરા ઝવેરાતના વ્યાપારી દાદા લેખરાજે કરી હતી. પાછળથી એમને પરમાત્મા દ્વારા પ્રજાપિતા બ્રહ્મા નામ આપવામાં આવ્યું હતું. પ્રજાપિતા બ્રહ્માબાબાએ સ્વયં સંસ્થાની સ્થાપના કર્યા બાદ એનાં પહેલાં મુખ્ય પ્રશાસિકા માતેશ્વરી જગદંબા સરસ્વતીજીને બનાવ્યાં. ભારતમાની પ્રાચીન સંસ્કૃતિ આધ્યાત્મિકતા અને રાજયોગ મેડીટેશનનો વિશ્વભરમાં પ્રચાર પ્રસાર કરવા માટે ભારત સરકારે સન્માનની સ્મૃતિમાં પ્રજાપિતા બ્રહ્માના નામથી ટપાલ ટિકિટ બહાર પાડી. સંસ્થા માટે આ ગૌરવશાળી ક્ષણ હતી.

**॥ ઓમશાંતિ ॥**

Published and Printed by Bharti Ranchhoddas Somaiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.



સમોડા ગામે 'શાશ્વત યૌગિક ખેતી' કાર્યક્રમમાં બ્ર.કુ. તૃપ્તિબેન, જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ લીલાચંદભાઈ, ડાયરેક્ટર એગ્રીકલ્ચર વિદ્યાલય મનુભાઈ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના અધ્યક્ષ ઉપેશભાઈ, બ્ર.કુ. વિજયાબેન.




આદિપુર ખાતે સ્નેહમિલનમાં બ્ર.કુ. નેહાબેન સાથે ચેમ્બર ઑફ કૉમર્સના પ્રમુખ દિનેશભાઈ ગુપ્તા, મર્કેનટાઈલ બેંકના પૂર્વ ડિરેક્ટર વિદ્યુતભાઈ, ICC પ્રોજેક્ટના ચેરમેન ભીમજીભાઈ, બ્ર.કુ. નંદાબેન, બ્ર.કુ. સુનીતાબેન.



દિલ્હી ખાતે 'હ્યુમન રાઈટ કાઉન્સીલ ઑફ ઈસ્લામીક કલ્ચરલ સેન્ટર'ના દ્વારા 'ગ્લોબલ એમ્બેસેડર ઑફ પીસ' એવોર્ડથી બ્ર.કુ. વેદાંતીબેનનું સન્માન કરતાં આયોજકો.




મહુડી ખાતે 'તરંગ સંગીત સ્પર્ધા'માં સ્વાગત કરતાં બ્ર.કુ. મનીષાબેનનું પૉલિસ આવાસ નિગમના ચેરમેન ડી.ડી.પટેલ, તાલુકા ડેલીગેટ જસવંતસિંહ રાઠોડ, ફિલ્મ કલાકાર પલ્લવી પાટીલ, ડૉ. ભરતભાઈ.



કેશોદમાં 'ભારત વિકાસ પરિષદ' દ્વારા બ્ર.કુ. રુપાબેનનું સન્માન કરતાં ડૉ. સ્નેહલ તન્ના તથા પત્રકાર ભ્રાતા દિનેશભાઈ કાનાબાર.



રાજકોટ અવધપુરી ખાતે સડક દુર્ઘટનામાં શહીદોને શ્રધ્ધાંજલિ આપતાં RTOના અધિકારી સી.એમ.રાઠોડ, PSI એમ.કે.ઝાલા, બ્ર.કુ. રેખાબેન.



વ્યારામાં 'એચ.બી. હાઈસ્કુલ' ખાતે 'આદર્શ વિદ્યાર્થી'ના કાર્યક્રમમાં બ્ર.કુ.મનીષાબેનનું સ્વાગત કરતાં આચાર્ય ભ્રાતા નરેશભાઈ ગામીત.



પઠારમાં 'સર્વાંગીણ સશક્તિકરણ' કાર્યક્રમમાં લાયન્સ ઈન્ટરનેશનલ સ્કુલના શિક્ષકો તથા સ્ટાફ સાથે સમૂહચિત્રમાં બ્ર.કુ. હેમાબેન.

Gyan Amrit Vol.13 | Issue 1 | January 2020 | Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842.
Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 Vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



ખેરવા 'ડીવાઈન રિટ્રીટ સેન્ટર' ખાતે મહેસાણા, ભાવનગર અને સુરત-વલસાડ ગ્રુપ સેવાકેન્દ્રોનાં ટીચર્સ બહેનોના અલૌકિક સ્નેહમિલન કાર્યક્રમમાં શુભ પ્રેરણા અને સ્વઉન્નતિનું લક્ષ્ય આપતાં ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી બાજુમાં બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ. શારદાબેન તથા સભામાં ઉપસ્થિત ત્રણેય ગ્રુપ સેવાકેન્દ્રોની સર્વ ટીચર્સ બહેનો.



મહેસાણા 'ગોડલી પેલેસ' ખાતે ગુજરાતના વરિષ્ઠ સીનીયર સીટીઝન ભાઈઓનો સન્માન સમારોહ તથા તપસ્યા ભઠ્ઠીના કાર્યક્રમમાં દીપ પ્રજ્વલન કરતાં ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી, ગુજરાતની વરિષ્ઠ બહેનો તથા અલૌકિક જીવનનો અનુભવ સંભળાવતા બ્ર.કુ. ચંદ્રવદનભાઈ ચોક્સી અને સભામાં ઉપસ્થિત આમંત્રિત વરિષ્ઠ સીનીયર ભાઈઓ.



અમદાવાદ લોટસ હાઉસ દ્વારા 'જીવનનો આધાર-ગીતા' કાર્યક્રમમાં ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ માનનીય જી.આર. ઉપાધ્યાય, ડૉ. શંકરન ત્રિપાઠી (Retd. IAS), MLA ભ્રાતા બલરામ થાવાણી, બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ. શારદાબેન, બ્ર.કુ. હંસાબેન.



ગાંધીનગર સેવાકેન્દ્રના ૪૦મા 'વાર્ષિક ઉત્સવ અને સન્માન સમારોહ' કાર્યક્રમમાં શુભેચ્છા આપતાં ઉદ્યોગપતિ દિનેશભાઈ બાજુમાં બ્ર.કુ. કૈલાસબેન, બ્ર.કુ. નેહાબેન, સન્માનનીય બ્રહ્માકુમાર ભાઈ-બહેનો.